

કિંમત ૨ ૫
શ્રી સ્વામિનારાયણ
માસિક
પ્રકાશન દરમાસની ૧૧ તારીખે ● સળંગ અંક ૧૭૫ ● ફેબ્રુઆરી-૨૦૨૨
પર્વ
પત્રિકા
લેખન
પ્રકાશક:- શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ-૧

॥ श्री हरि विजयते ॥

# ॥ निमंत्रणम् ॥



स्वस्ति श्री देश देशना त्यागी गृही भाई-बाई समस्त सत्संगी जोग

श्रीनगर-अमदावाद महाशुभस्थाने बिराजमान भरतखंडना अधिष्ठाता श्री नरनारायणदेवना चरणकमळ समीपथी श्री नरनारायणदेव देश पीठस्थानथी लिखितंग धर्मकुळना शुभाशीर्वाद सह जय स्वामिनारायण वांचशो।

अत्र जणाववानुं के अमारा तथा अने आपणां इष्टदेव भगवान श्री स्वामिनारायणे संप्रदायमां सर्वप्रथम श्री स्वामिनारायण मंदिर अमदावादमां श्री नरनारायणदेवनी प्रतिष्ठा करी ते उत्सवप्रसंगने वि.सं. २०७८ फागण सुदि त्रीज शनिवारना दिवसे २०० वर्ष पूर्ण थई रह्या छे। ते अवसरने संभारी आपणा भगवानना संस्कारना समान **पर्व** वि.सं.२०७८ना महा वदि ११ ता.२७-२-२०२२ने रविवार थी फागण सुदि त्रीज ता.५-३-२०२२ शनिवार पर्यन्त उजववाने तेमां लाखो हरिभक्तो सेवा करीने श्रीजी महाराजने प्रसन्न करवा सेवा अने सत्संगना अनेकानेक उपायो करशे।

तो आ **पर्व** नो सहभागी थवा तन-मन-धनथी सेवा-सत्संगनो लहावो लेवा आप सौने हेते करीने निमंत्रण पाठवीए छीए।

आचार्य महाराजश्री साहेब     मोटा महाराजश्री साहेब     लालजी महाराजश्री साहेब

धर्मकुळ परिवार
श्री नरनारायणदेव देश पीठस्थान
श्री स्वामिनारायण मंदिर, अमदावाद [illegible]






સંસ્થાપક

પ.પૂ.મોટા મહારાજશ્રી

શ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩.

ફોન : ૨૭૪૮૯૫૯૭,૨૭૪૯૯૫૯૭

મો. : ૯૮૭૯૫ ૪૯૫૯૭

www.swaminarayanmuseum.in

શ્રી નરનારાયણદેવ પીઠાધિપતિ

પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮

શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી

તંત્રી શ્રી

શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી (મહંત સ્વામી)

Mo. : 9313719232

પત્રવ્યવહાર

શ્રી સ્વામિનારાયણ માસિક કાર્યાલય

શ્રી સ્વામિનારાયણ મંદિર,

કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

Mo. : 9313706095

magazine@swaminarayan.in

www.swaminarayan.in

એડ્રેસમાં ફેરફાર કરવા

E-mail : manishnvora@yahoo.co.in

લવાજમ

વાર્ષિક : રૂા. ૫૦-૦૦ ● છુટક નકલ રૂા. ૫-૦૦


# શ્રી સ્વામિનારાયણ

## શ્રી નરનારાયણદેવ પીઠસ્થાન મુખપત્ર





વર્ષ - ૧૫ (મૂળ વર્ષ ૫૬) ● અંક : ૧૭૫ ● ફેબ્રુઆરી-૨૦૨૨


## અ નુ ક્ર મ ણિ કા


| | | |
|---|---|---|
| ૦૧. | અસ્મદીયમ્ | ૦૪ |
| ૦૨. | પર્વ ઉત્સવનો કાર્યક્રમ | ૦૫ |
| ૦૩. | પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ | ૦૭ |
| ૦૪. | દાન-દક્ષિણા | ૦૮ |
| ૦૫. | શ્રીહરિના વંશજના મુખેથી અમૃતવચન | ૧૦ |
| ૦૬. | કડી | ૧૨ |
| ૦૭. | શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમના દ્વારેથી | ૧૪ |
| ૦૮. | ભક્તિસુધા | ૧૫ |
| ૦૯. | સત્સંગ સમાચાર | ૧૭ |

# અસ્મદીયમ્



વસંત ઋતુના આગમનની સાથે માનવ હૃદયમાં અનેરો ઉત્સાહ અને આનંદનો પણ ઉમળકો ઉભરાય આવે છે. તે સામાજીક હોય કે પછી ધાર્મિક હોય તો પણ કેટલાં મોટા મોટા તહેવારો ઉત્સવો પર્વ આવે છે. ઉત્તરાયણનો સૂર્ય થતાંજ શુભ મુહૂર્તના શુભ ચોઘડિયાંના વરતારોની કતાર ચાલું થઈ જાય છે. જેમાં એક રાષ્ટ્રીય ઉત્સવ ગણતંત્ર દિવસ અને જ્ઞાનનો મહાપર્વ એટલે વસંત પંચમી સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વમુખે પ્રબોધેલ જગતના જીવ માત્રના હિતને કરનારી સર્વજીવ હિતાવહ અપૌરૂષેય અમૃતવાણી શ્રીશિક્ષાપત્રી સર્વશાસ્ત્રના જ્ઞાનનો સાર ભંડાર પૃથ્વી ઉપર ઝગમગતો થયો છે. તેવી રીતે મોક્ષના આધાર સ્થંભ એવા મહામંદિરોમાં સર્વશ્રેષ્ઠ અને સર્વ પ્રથમ આ પૃથ્વી ઉપર પરમાત્માની પસંદગીના અનુસારે નિર્માણ થયેલ શિખરબદ્ધ મહામંદિરમાં પોતાના જ સ્વરૂપ એવા સર્વોપરી ભગવાન શ્રી નરનારાયણના દિવ્ય સ્વરૂપોને બાથમાં લઈને સ્થાપન કર્યા છે. તે સમયના વહેણને ૨૦૦ વર્ષ વિતી ગયા છે. તેનો મહાપર્વ ઉજવવાની તૈયારીઓ અવિરતપણે પૂર્ણ ઉત્સાહ જોશથી ચાલી રહી છે. જેના દર્શન ધ્વજ વંદન જેવા રાષ્ટ્રીય દિવસના ઉત્સવમાં માણ્યા. હવે પૂર્ણ પર્વના દર્શન થાય તે માટે આપણે સૌ તન, મન, ધનથી સેવામાં અને ભજન ભક્તિમાં જોડાઈને આપણા ઈષ્ટદેવની આરાધના કરીને તેમનો સંપૂર્ણ રાજીપો પ્રાપ્ત કરવાનો અવસર ચૂકવો નથી. એજ સૌને કરવાનું છે.

**તંત્રીશ્રી (મહંત સ્વામી)**
**શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીના**
**જયશ્રી સ્વામિનારાયણ**

# પર્વ કાર્યક્રમ

**તા.૨૭-૨-૨૦૨૨, રવિવાર, મહા વદ-૧૧/૧૨**

| | |
|---|---|
| ૭:૩૦ | ચારવેદનું પૂજન (કાળુપુર મંદિર) |
| ૮:૩૦ | પોથીયાત્રા |
| ૯:૦૦ | ઉત્સવ સ્થળનું ઉદ્‌ઘાટન |
| ૯:૩૦ | મંદિરની આરતી ઉત્સવ સ્થળ પર |
| ૯:૪૦ | સભામંડપ પ્રવેશ |
| ૧૦:૦૦ | પોથી પૂજન |
| ૧૦:૦૦ થી ૧૧:૦૦ | કથા |
| ૧૧:૦૦ થી ૧૨:૦૦ | વિશેષ કાર્યક્રમ |
| ૧૨:૦૦ | વી.આર. અને પ્રદર્શનનું ઉદ્‌ઘાટન |
| ૨:૦૦ થી ૩:૦૦ | કોવિડ જાગૃતિ,સ્વાસ્થ્ય માર્ગદર્શન તથા ઓર્ગેનિક ખેતી અને હસ્તકલા નું ઉદ્‌ઘાટન |
| ૩:૩૦ થી ૫:૦૦ | કથા |
| ૫:૦૦ થી ૬:૩૦ | વિશેષ કાર્યક્રમ |
| ૭:૦૦ | સાબરમતીમૈયાની સમૂહ આરતી શ્રી નરનારાયણદેવ જન્મ સ્થાન નારણઘાટ |
| ૮:૩૦ થી ૧૧:૦૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ :- પદ્મશ્રી ભીખુદાન ગઢવી અને ગીતાબેન રબારી |

**તા.૨૮-૨-૨૦૨૨, સોમવાર, મહા વદ-૧૩**

| | |
|---|---|
| ૯:૦૦ થી ૧૦:૩૦ | કથા |
| ૧૦:૩૦ થી ૧૨:૦૦ | વિશેષ કાર્યક્રમ |
| ૨:૦૦ થી ૩:૦૦ | મેડીટેશન તથા હેરીટેજ કાર્યક્રમ |
| ૩:૩૦ થી ૫:૦૦ | કથા |
| ૫:૦૦ થી ૬:૩૦ | વિશેષ કાર્યક્રમ |
| ૮:૩૦ થી ૧૦:૩૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ |

**તા.૧-૩-૨૦૨૨, મંગળવાર, મહા વદ-૧૪**

| | |
|---|---|
| ૭:૩૦ થી ૯:૦૦ | મહાપૂજા |
| ૯:૦૦ થી ૧૦:૩૦ | કથા |
| ૧૦:૩૦ થી૧૨:૦૦ | વિશેષ કાર્યક્રમ |
| ૨:૦૦ થી ૩:૦૦ | ઓર્ગેનિક ખેતી વિશે માર્ગદર્શન |
| ૩:૩૦ થી ૫:૦૦ | કથા |
| ૫:૦૦ થી ૬:૩૦ | વિશેષ કાર્યક્રમ |
| ૮:૩૦ થી ૧૦:૩૦ | ડ્રોન શો,લાઈટ શો અને આદિત્ય ગઢવી,ભૌમિક શાહ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ |

**તા. ૨-૩-૨૦૨૨, બુધવાર, મહા વદ-૩૦**

| | |
|---|---|
| ૭:૩૦ થી ૯:૦૦ | મહાપૂજા |
| ૯:૦૦ થી ૧૦:૩૦ | કથા |
| ૧૦:૩૦ થી ૧૨:૦૦ | વિશેષ કાર્યક્રમ |
| ૨:૦૦ થી ૩:૦૦ | મહિલા મંચ |
| ૩:૩૦ થી ૫:૦૦ | કથા |
| ૫:૦૦ | યજ્ઞના યજમાનોની દેહ શુધ્ધિ |
| ૫:૦૦ થી ૬:૩૦ | વિશેષ કાર્યક્રમ |
| ૮:૩૦ થી ૧૦:૩૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ :- કિંજલ દવે |

**તા. ૩-૩-૨૦૨૨, ગુરુવાર, ફાગણ સુદ-૧**

| | |
|---|---|
| ૯:૦૦ થી ૧૧:૦૦ | યજ્ઞ |
| ૯:૦૦ થી ૧૦:૩૦ | કથા |
| ૧૦:૩૦ થી ૧૨:૦૦ | વિશેષ કાર્યક્રમ |
| ૨:૦૦ થી ૩:૦૦ | પર્યાવરણ વિશે માર્ગદર્શન |
| ૩:૩૦ થી ૫:૦૦ | કથા |
| ૪:૦૦ થી ૬:૦૦ | યજ્ઞ |
| ૫:૦૦ થી ૬:૩૦ | વિશેષ કાર્યક્રમ |
| ૮:૩૦ થી ૧૦:૩૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ :- કૈલાશ ખેર |

**તા. ૪-૩-૨૦૨૨, શુક્રવાર, ફાગણ સુદ-૨**

| | |
|---|---|
| ૯:૦૦ થી ૧૧:૦૦ | યજ્ઞ |
| ૯:૦૦ થી ૧૦:૩૦ | કથા |
| ૧૦:૩૦ થી ૧૧:૦૦ | ધર્મકુળ પૂજન, સંત પૂજન તથા સાંખ્યયોગી બહેનોનુ પૂજન |
| ૧૧:૦૦ થી ૧૨:૦૦ | વિશેષ કાર્યક્રમ |
| ૨:૦૦ થી ૩:૦૦ | મેન્ટલ હેલ્થ વિશે ડો. અજીત સુહાની |
| ૩:૩૦ થી ૫:૦૦ | કથા |
| ૪:૦૦ થી ૬:૦૦ | યજ્ઞ |
| ૫:૦૦ થી ૬:૩૦ | વિશેષ કાર્યક્રમ, દાતાઓનું સન્માન, શ્રી નરનારાયણદેવની સુવર્ણતુલા |
| ૮:૩૦ થી ૧૦:૩૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ :- ફાલ્ગુની પાઠક |

**તા. ૫-૩-૨૦૨૨, શનિવાર, ફાગણ સુદ-૩**

| | |
|---|---|
| ૬:૩૦ થી ૭:૧૫ | શ્રી નરનારાયણદેવનો અભિષેક |
| ૭:૧૫ થી ૭:૩૦ | નિજ મંદિરની સમૂહ આરતી |
| ૭:૪૫ | વેદપાઠની પૂર્ણાહુતિ |
| ૯:૦૦ થી ૯:૩૦ | કથા પૂર્ણાહુતિ |
| ૯:૩૦ થી ૧૧:૦૦ | વિશેષ અતિથિનું સન્માન |
| ૧૧:૦૦ થી ૧૨:૦૦ | શ્રી હરિના ત્રણેય અપર સ્વરૂપના આશીર્વચન |
| ૩:૦૦ થી ૪:૦૦ | સ્વયંસેવક સન્માન |

## પ.પૂ.ધ.ધુ.આચાર્ય મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જાન્યુઆરી-૨૦૨૨)

૨૬ પર્વ મહામહોત્સવ સ્થળ પર પોતાના શુભ સાનિધ્યમાં પ્રજાસત્તાકદિન પ્રસંગે ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં લાંબા વિશાળ રાષ્ટ્રધ્વજ શોર્યયાત્રા સંત-હરિભક્તોના વિશાળ સમૂદાય સાથે ધામધૂમથી સંપન્ન થઈ.

૨૮ સંત મહાદીક્ષા પોતાના વરદ્ હસ્તે સંપન્ન થઈ.

## પ.પૂ. લાલજી મહારાજશ્રીના કાર્યક્રમની તવારીખ (જાન્યુઆરી-૨૦૨૨)

૨ શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર આદિ મંદિરો દ્વારા આયોજીત શાકોત્સવ પ્રસંગે પધરામણી - નરોડા

૮ શ્રી સ્વામિનારાયણ મંદિર ચરાડવા શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૯ શેર (તા. વિરમગામ) ગામે શાકોત્સવ પ્રસંગે પધરામણી.

૨૬ પ્રજાસત્તાકદિન પ્રસંગે ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં પોતાના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્ધ્વજ સાથે શોર્ય યાત્રા જમીયતપુરા પર્વ મહોત્સવ સ્થળ પર ધામધૂમથી સંપન્ન થઈ.



શ્રી સ્વામિનારાયણ

# દાન-દક્ષિણા

- સાધુ પુરુષોત્તમપ્રકાશદાસ (જેતલપુરધામ)

દાન અને દક્ષિણામાં ઘણું અંતર છે. લોકો મોટા ભાગે દાન-દક્ષિણાના શબ્દ પ્રયોગ દરેકમાં સાથે કરતા હોય છે. દાન એટલે જ્યારે કોઈ પુણ્ય પર્વ પ્રસંગે તીર્થયાત્રા પ્રસંગે કોઈ બ્રાહ્મણ - સાધુ - અતિથિ - અભ્યાગત વગેરેને ધન-પદાર્થ યથાશક્તિ, યથાશ્રધ્ધા, યથા સમય અર્પણ કરવામાં આવે તેને દાન કહી શકાય. તે દાન પવિત્ર સુપાત્રને આપવામાં આવે તે અતિશય શ્રેષ્ઠ, પોતાના કલ્યાણ કામના કરીને જે આપવામાં આવે તે દાન તથા પરલોક સુધારવા માટે તથા ધનની શુધ્ધિને અર્થે જે આપવામાં આવે તે દાન.

દાન અને દયા દાનમાં પણ અંતર છે. દાન પાત્રને જ (બ્રાહ્મણ - સાધુ - અતિથિ - અભ્યાગત) ને આપવામાં આવે છે અને દયાદાન કોઈ પણ જરૂરિયાતમંદ માણસ હોય કે કોઈ દેહધારી જીવ પ્રાણી માત્ર પશુ - પક્ષી - કિટ - પતંગ વગેરેની દયાજનક સ્થિતિ જોઈને તેના પાલન - પોષણ - મદદ - સહાયના રૂપે જે અર્પણ કરવામાં આવે તે દયાદાન કહેવાય. તેમાં કોઈ યોગ્ય - અયોગ્ય - સુપાત્ર - કુપાત્ર - જાતિ - પાતિ - કુળ - ધર્મ - કર્મ - શક્ત - અશક્ત જેવા ગુણો જોવાના હોતા નથી. બસ એટલું જે કે તેની સ્થિતિ - શક્તિ - સમય - સંજોગ જોઈને મનમાં દયા ઉત્પન્ન થાય એટલે જે પણ વસ્ત્ર - પાત્ર - ભોજનના સ્વરૂપે અર્પણ કરવામાં આવે કે સહાય કરવામાં આવે તેને દયા - દાનની સંજ્ઞા આપવામાં આવે છે. આપણા ધર્મશાસ્ત્રોના સિધ્ધાંત અનુસાર દાન તથા દયાદાન કરનારને અનંતઘણું ફળ જન્મ જન્માંતરે ભગવાન આપે છે. અને તે જીવ સુખી થાય છે. માણસે સર્વ જીવ ઉપર દયા કરવી જોઈએ. તે માનવ ધર્મ કહ્યો છે. કેમ કે, અન્ય દેહધારી માણસ ઉપર અવલંબિત છે. અન્ય જીવ પ્રાણીને આપત્કાળ-કષ્ટમાંથી મુક્ત કરવા તે મનુષ્ય જીવનનું કર્તવ્ય છે. જગતના સમસ્ત જીવ પ્રાણી માત્રને બંધુ-બાંધવ માનવા તે માનવધર્મ કહ્યો છે. દયા દાન ધર્મમાં શત્રુ - મિત્રનો સંબંધ બંધન કર્તા નથી. વિપત્તિકાળમાં પોતની શક્તિ સામર્થી અનુસાર તેની રક્ષા-સહાય કરવી જોઈએ. દીન દુઃખી પીડિત જાણીને દયા કરવી તે દયાદાન જાણવું.

દાન કરવું હોય તો સંકલ્પ કર્યા પછી આપી શકાય અને દયાદાનના સંજોગોમાં સંકલ્પ કે પવિત્ર સમય કે પર્વના દિવસે શુભ - અશુભ પંચાંગ જોવાની કોઈ જરૂર નથી. જ્યારે મનમાં દયા ઉત્પન્ન થાય તે સમયે તેને સહાય કરી શકાય.

શ્રીમદ્ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ ભગવાને દાન આપવાની વાત કહી છે. જેના ત્રણ ભેદ પણ બતાવ્યા છે. (૧) યોગ્ય દેશ, યોગ્ય કાળ, અને યોગ્ય પાત્રને પોતાના ઉપર જેણે ઉપકાર કર્યો નથી એવા પ્રત્યુપકારની અપેક્ષા રાખ્યા વગર જે નિઃસ્વાર્થ ભાવે આપવામાં આવે તે સાત્વિક દાન છે. (૨) કલેશ પૂર્વક - પ્રત્યુપકારની અપેક્ષાથી કે કોઈ ફળની લાલચ રાખી જે આપવામાં આવે તે રાજસદાન છે. (૩) સત્કાર કર્યા વિના, તિરસ્કાર પૂર્વક અયોગ્ય દેશ કાળમાં કુપાત્ર ને આપવામાં આવે તે તામસ દાન છે. આ ત્રણે દાનમાં સાત્વિક દાનને શ્રેષ્ઠ બતાવેલ છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને શ્રીમદ્ સત્સંગિજીવન ગ્રંથમાં દાન ગ્રહણ કરવાનો વિધિ પણ બતાવેલ છે. પ્રાણીઓની હિંસા કરનાર, ધાણીમાં તેલ કાઢનાર, દારૂ વેચનાર, શરીર વેચનાર વેશ્યા, અને અધાર્મિક રાજા આ પાંચ પાસેથી દાન લેવું નહિ તેમજ કાળું લોખંડ, કાળા કે ધોળા, તલ, ભેંસ, તેલ, નમક, તિલધેનું અને મણિ આ સાતનું દાન સ્વીકારવું તે અતિશય ભયાનક છે.

હવે દક્ષિણા કોને કહેવાય તે જાણીએ. જે આપણે નિત્ય-નૈમિત્તિક, શુભ માંગલિક પ્રસંગે, ધાર્મિક-વ્યવહારિક પ્રસંગે પુણ્ય પવિત્ર સમયે જપ-તપ-હોમ-હવન-અનુષ્ઠાન-પાઠ-પુરશ્ચરણ-વિધિ-વિધાન આદિ સત્કર્મ કરવાને અર્થે કોઈ વિદ્વાન પંડિત-પુરોહિત-બ્રાહ્મણની પાસે તેમના થકી જે સત્કાર્ય અલ્પકાલીન કે

દીર્ઘકાલીન, સમયે હાથમાં નાડાછડી બંધન કરીને, સંકલ્પ કરાવીને જે સત્કાર્ય યથા શાસ્ત્ર, યથા નિયમ કે પાઠ - પૂજા - હોમ - હવનાદિક સત્કર્મનું પુણ્યફળ અર્પણ કરે તે પંડિત - પુરોહિતને પ્રસન્ન કરવાને અર્થે તથા ઋણમાંથી મુક્ત થવાને અર્થે મહેનતાણાના વેતન - વળતર સ્વરૂપે જે આપવામાં આવે તે ‘‘દક્ષિણા’’ કહેવાય. જેવું જેટલું કર્મ હોય, તેમાં તેવો પુરુષાર્થ કર્યો હોય, પરિશ્રમ અનુસાર તેને અનુરૂપ યોગ્ય ધન-સમ્પત્તિ આપવામાં આવે તેને દક્ષિણા કહેવાય. કઠોપનિષદમાં એક કથા આવે છે. જેમાં પિતા ઉદ્દાલક અને પુત્ર નચિકેતાનો સંવાદ છે. પિતા ઉદ્દાલકે બ્રાહ્મણો પાસે શ્રેષ્ઠ યજ્ઞ કરાવ્યો અને પછી દક્ષિણા આપવાનો સમય થયો ત્યારે પોતાની પાસે જેટલી વૃધ્ધ અને અશક્ત ગાયો હતી જે થોડા સમયમાં જ મૃત્યુ પામે એવી ગાયો દક્ષિણામાં આપી. આવી અયોગ્ય દક્ષિણા આપવાના કારણે તેની લોકમાં અને શાસ્ત્રમાં ઘણી અપકીર્તિ નિંદા થઈ. માટે દક્ષિણામાં બ્રાહ્મણોના પરિશ્રમ પ્રમાણે યોગ્ય વસ્તુ અથવા ધન આપવું જોઈએ. કરાવેલ કર્મ ત્યારે જ સફળ અને સાર્થક થાય છે.

દક્ષિણામાં ઉધારો રાખવાનો નિષેધ છે. કેમ કે, કાર્યપૂર્ણ થયા પછી જો વચમાં રાત્રિ વીતી જાય તો બે ઘણી દક્ષિણા આપવી પડે છે. જપ - તપ - વિધિ - વિધાનમાં દક્ષિણાની માત્રા પૂર્વ નિશ્ચિત કરવામાં કોઈ બાધ નથી. યજમાન જો પુરોહિતને દક્ષિણા વડે પ્રસન્ન કરે નહિ તો તેને યથાર્થ ફળ મળતું નથી.

શ્રીમદ્ ભાગવતના તૃતીય સ્કંધમાં કથા છે કે, સ્વાયંભુવ મનુને શતરૂપા રાણીથી આકૃતિ - દેવહુતિ અને પ્રસુતિ નામે કન્યાઓ થઈ હતી. અને ઉત્તાનપાદ - પ્રિયવ્રત નામે બે પુત્રો થયા. તેમાં આકૃતિ નામે પુત્રી ને રુચિનામે ઋષિએ પત્ની આકૃતિએ યજ્ઞપુરુષ પરબ્રહ્મ પરમાત્માનું ધ્યાન કરીને એક કુંડ બનાવી હવિષ્યાન્ન સમિધાઓ સહિત ભગવાન શ્રી વિષ્ણુના બીજ મંત્રો વડે દીર્ઘકાળ પર્યન્ત હોમ કરતા રહ્યા. તેમાંથી ઋષિની પ્રાર્થના પૂજાના પ્રભાવે સાક્ષાત્ ભગવાન યજ્ઞ સ્વરૂપ અને લક્ષ્મીના અંશથી દક્ષિણા સ્ત્રી રૂપે પ્રગટ થયા. ત્યારે રુચિ ઋષિએ પૂર્વે લગ્ન સમયે પૂત્રિકા ધર્મના વચનથી એટલે મનુરાજાએ પુત્રીદાન કર્યા સમયે વચન માગ્યું હતું કે મારી પુત્રી થકી જે પુત્રનો જન્મ થાય તે મને આપવો તેવા વચનથી બંધાયેલ હોય. રૂચિ ઋષિએ યજ્ઞ ભગવાન પુત્ર રત્નને અને દક્ષિણા નામે પુત્રીને પોતાની પાસે રાખી સ્વાયંભુવ મનુને એટલે કે સસરાને અર્પણ કર્યા ત્યાર પછી તે યજ્ઞ ભગવાન અને લક્ષ્મીરૂપે દક્ષિણાના લગ્ન કર્યા. તે સમયથી યજ્ઞ-હોમ-હવન-જપ-તપ-પાઠ-પુરશ્ચરણમાં યજ્ઞ ભગવાનની પ્રસન્નતા અર્થે ધન રૂપી દક્ષિણાના સંયોગ અર્થાત્ મિલન યુગલ સ્વરૂપની સ્થાપનાના પ્રતિક રૂપે યજમાન તરફથી દક્ષિણાનું અને પંડિત તરફથી યજ્ઞ સ્વરૂપ ભગવાનનું આદાન પ્રદાન કરવાની આપણી પૂજા વિધિમાં કહેવામાં આવે છે. એટલે દક્ષિણા અર્પણ કર્યા વિના યજમાનને પાઠ-પૂજાનું ફળ મળતું નથી. યજ્ઞ નારાયણ અને દક્ષિણાદેવીનો સંજોગ તે સત્કર્મમાં પૂજા અને દક્ષિણા સ્વરૂપે કરવામાં આવે છે.

શ્રી સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રી શ્લોક-૧૪૭ માં કહ્યું છે કે ‘‘ગૃહસ્થાશ્રમી તેમણે પોતાની આવક થકી દશમો ભાગ અથવા વીશમો ભાગ કાઢીને શ્રીકૃષ્ણ ભગવાનને અર્પણ કરવો.’’ અહીં સમર્પણનો ભાવ શ્રીહરિએ કહ્યો છે. શ્રીજી મહારાજ સ્થાપિત મંદિરોમાં દેવોના ચરણોમાં સમર્પિત કરવામાં આવે તેને જ ધર્માદો કહેવામાં આવે છે. પણ મારો મંદિરમાં આટલો ફાળો છે. એવો જો મનમાં સંકલ્પ થાય તો આપેલ ધન પ્રત્યેનો અધિકાર છોડ્યો કહેવાય નહિ. અર્થાત્ ધનમાંથી મમત્વ છોડ્યું કહેવાય નહિ. અને જ્યાં સુધી મમત્વ છોડવામાં ન આવે ત્યાં સુધી એ વસ્તુ સમર્પિત બનતી નથી. પરંતુ જ્યારે ‘‘તેરા તુજ કો અર્પણ’’ એવી રીતે અર્પણ કરી દેવામાં આવે ત્યારે એ આપેલ વસ્તુ કે ધન એ કોઈ લૌકિક પદાર્થ રહેતો નથી. એ એક ભક્તિનો પ્રકાર બની જાય છે. અને એવી નિષ્કામ ભક્તિ જ ભક્તો માટે કલ્યાણકારી બની જતી હોય છે. શ્રીહરિ તેવા દાતાને પોતાના અક્ષરધામના પાર્ષદની પંક્તિમાં ભેળવી દે છે, તેવા ભક્તો અને પદારથ દિવ્ય રુપે થાય છે. એટલે દાન દક્ષિણા કે દયાદાન કરતાં ભગવાનને સમર્પણ કરવામાં આવેલ પદારથ તે ભક્તિ અને મોક્ષ-કલ્યાણનું નિમિત્ત બને છે.

# શ્રીહરિના વંશજના મુખેથી અમૃતવચન

સંકલન : ગોરધનભાઈ વી. સીતાપરા (હીરાવાડી, બાપુનગર)

**અમદાવાદ પૂર્વ વિસ્તારના મંદિરોના સંયુક્ત ઉપક્રમે શાકોત્સવ પ્રસંગે તા. ૦૨-૦૧-૨૦૨૨ :** શાકોત્સવ હોય કે પાટોત્સવ હોય, બહુ ઓછા એવા પ્રસંગો હોય છે કે સમગ્ર પૂર્વ વિસ્તારના હરિભક્તો આવી રીતે એક જ જગ્યાએ આટલી મોટી સંખ્યામાં ભેગા થયા હોય. આજે આપણા સૌ માટે આ ગર્વની વાત છે, કારણ કે **આપણા ઈષ્ટદેવ એક છે. આપણો સિધ્ધાંત એક છે અને ખાસ કરીને જેના આપણે ઋણી છીએ અને જેના થકી આવા ઉત્સવ સમૈયા આપણે ઉજવી રહ્યા છીએ એ નરનારાયણદેવ એક છે. મહારાજે ઉંબરા ઉપર ઉભા રહીને મહિમા ગાયો છે કે અમારામાં અને આ નરનારાયણદેવમાં કોઈ ફેર માનશો નહિ. આ નરનારાયણદેવ આપણી વચ્ચે છે અને હાજરા હજુર છે. બદ્રિકાશ્રમમાં રહીને માત્ર અને માત્ર આપણા માટે તપ કરે છે.**

મહારાજ ગાદી પર બિરાજ્યા તે સમયે ગુરુ રામાનંદ સ્વામી પાસેથી ત્રણ વરદાન માગ્યા. તેમાં પ્રથમ વરદાનમાં મહારાજે માગ્યુ કે મારો હરિભક્ત, આ મારો હરિભક્તે એટલે શું ? આ શબ્દ પ્રયોગ બહુ સમજવા જેવો છે. **મારો એટલે એવો હરિભક્ત કે જે શિક્ષાપત્રીની મર્યાદાનું પાલન કરતો હોય, જે સિદ્ધાંતોને વળગીને રહેતો હોય એવો હરિભક્ત એ ક્યારેય અન્ન, ધન, વસ્ત્રથી દુઃખી ન થાય.** મહારાજે અને નંદ સંતોએ ગામડે ગામડે વિચરણ કરીને એ સમયની પરિસ્થિતિમાં જે આપણા માટે દાખડો કર્યો છે તેનો વિચાર કરવો. જ્યારે આજે તો આપણે ખૂબ સુખી થયા છીએ. આપણી પાસે એ.સી. છે, ગાડી છે, મકાન છે બધું જ છે. **કરવાનું આજે આપણે એટલું જ છે કે નરનારાયણદેવના થઈને રહેવાનું અને એ સિવાય છૂટકો પણ નથી.**

**આ બાજુના વિસ્તારનો સત્સંગ થોડો ભોળો છે. ઘણા બધા લોકો અહીં આવીને તમને ગેરમાર્ગે દોરશે. મીઠું બોલવા વાળા ઘણા હોય છે. સત્ય બોલનારા બહુ ઓછા હોય છે. પરંતુ યાદ રાખજો કે સિદ્ધાંતને વળગીને રહેવું એ કોઈ મારી આજ્ઞા નથી. મહારાજની આજ્ઞા છે. સ્વામિનારાયણ ભગવાને બંધારણ કહ્યું છે કે આચાર્ય મહારાજશ્રીએ જે મૂર્તિ પ્રતિષ્ઠા કરી હોય એ જ મૂર્તિ સંપ્રદાયમાં માન્ય ગણાય તેવી જ રીતે આચાર્ય મહારાજશ્રીએ જે સંતોને દીક્ષા આપી હોય તે જ સંતો સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો કહેવાય, બીજા તો વિમુખ કહેવાય છે.** ભગવા કપડાનો પાવર નથી હોતો પાવર નરનારાયણદેવનો હોય છે. અમદાવાદ દેશના આપણા આ સંતો ગામડે ગામડે દોડીને મહેનત અને પરિશ્રમ કરે છે એ પાવર નરનારાયણદેવનો છે. **બીજા કોઈ બીજી કંઈ અલગ થિયેરી કહેતા હોય તો એ સત્ય નથી આપણે સત્યને વળગીને રહેવાનું છે.**

હરિભક્તોના આ સમુદાયમાં અરસ પરસ એકતા રાખીને નરનારાયણદેવને વળગીને રહેવાનું છે. કારણ કે આપણે બધા એ જ પરિવારના સદસ્યો છીએ. **અને આપણા સૌનો બાપ નરનારાયણદેવ છે એટલી સમજણ આજના દિવસે પોતાના હૃદયમાં દ્રઢ કરીને રાખવાની છે.** નવું વર્ષ આવી ગયું છે. પરંતુ વર્ષ ખરેખર બદલ્યું છે કે નથી બદલ્યું એ પણ ખ્યાલ ન આવે એવા સમય સંજોગો ચાલી રહ્યા છે તો પણ ઘણા કઠિન સમયમાંથી આપણે પસાર થયા તે રક્ષા ભગવાને આપણી કરી છે. વર્તમાનકાળે જેમ બને તેમ સાવચેતી રાખીને સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ આપણા દરેક મંદિરમાં કાર્યક્રમો થઈ રહ્યા છે અને પર્વ પણ એવી જ રીતે થશે. સૌએ સપરિવાર જરૂરથી પર્વમાં આવવાનું છે. આ વિસ્તારના યુવકો હોય, બહેનો હોય કે વડીલો હોય દરેકની સેવા દરેક ઉત્સવમાં ખૂબ રહી છે. વિજય સ્તંભ સ્થાપન વખતે મહારાજશ્રીએ ટેગ લાઈન રૂપે જે શબ્દો કહ્યા હતા તે ઉત્સવ સમૈયા ઘણા કર્યા પરંતુ પર્વ આજ સુધી કર્યો નથી. આ ઉત્સવ આપણા જીવનમાં મોટામાં મોટો આવી રહ્યો છે. આવો અવસર વારે ઘડીએ મળતો નથી. માટે તા. ૨૭-૨ થી ૫-૩-૨૦૨૨ ની નોંધ લઈ પર્વને માણજો અને તન, મન, ધનથી જરૂરથી સેવા કરજો.

આજના પ્રસંગે જેઓએ નાનું મોટું યોગદાન આપ્યું છે પછી તે રોટલા કર્યા હોય કે લાઈટો લગાડી હોય કે પાર્કિંગની સેવા કરી હોય તે સૌને મહારાજ ખૂબ સુખિયા કરે, પરિવારમાં સ્વાસ્થ્ય સારુ રહે અને દિવસે ને દિવસે નરનારાયણદેવનો મહિમા વધતો રહે એવી શ્રી નરનારાયણદેવના ચરણોમાં પ્રાર્થના.

અત્રે એ ઉલ્લેખનીય છે કે મોટા પુરુષો મર્મમાં બોલીને માત્ર દિશા સૂચન કરતા હોય છે. પરંતુ આપણે સૌએ આ કલિકાળમાં આપણા જીવાત્માનું શ્રેય અને પ્રેય કરવા માટે, દરેક પ્રકારે સુખી થવા માટે સાચી દિશામાં

પણ ખૂબ સાવચેતીપૂર્વક ડગ ભરવાના હોય છે. વર્તમાન કાળે આપણને એવા પણ ભગવા ધારી સંતો મળી જશે કે જેઓએ પોતાના દેશના આચાર્યશ્રી પાસેથી દીક્ષા પણ લીધી હોય પરંતુ શ્રીહરિએ કરેલી દેશ વિભાગની મર્યાદા બહાર વર્તીને આચાર્યશ્રીની અનુવૃત્તિમાં રહ્યા વિના પ્રગટ ભગવાનના સ્વરૂપો દેવ, આચાર્ય અને શિક્ષાપત્રીને ઓળખાવ્યા વિના પોતાની રીતે આખી દુનિયાને સુધારવા સ્વામિનારાયણના નામ હેઠળ સમાજ સુધારક કે જગતના સાધુ બની ગયા હોય અને સ્વામિનારાયણના નામને વટાવીને દેવના નામે દસ્તાવેજ ન કરતા પોતાનું પ્રાઈવેટ ટ્રસ્ટ બનાવીને પોતે સર્વે સર્વા બની ગયા હોય. આચરણના આડંબરથી અને મીઠી વાણીથી ખેંચાઈને તેમજ હાર તોરા માન સન્માન પ્રસાદી-મિષ્ટાન્ન વગેરે ઘણા પરિબળોથી ખેંચાઈને લાખો લોકો તેઓની સભામાં જશે કારણ કે સંસારી લોકોની જે દુ:ખતી નસ છે તે નસ તેઓના હાથમાં આવી ગઈ છે. પરંતુ આપણે સૌએ દૃઢ કરીને રાખવાનું છે કે જેઓ આપણને પ્રગટ ભગવાનના ઉપરોક્ત ત્રણ સ્વરૂપોથી વેગળા પાડવાનો પ્રયત્ન કરતા હોય તો એવો પ્રયત્ન કરનાર ઉપર જ ઈષ્ટદેવ શ્રીહરિ રાજી ન થાય તો આપણા ઉપર ક્યાંથી થવાના છે ? માટે આપણું સત્સંગમાં ગમે તેટલું મોટું નામ હોય તો પણ એવી સભામાં જ્યાં ત્યાં જતા પહેલા પોતાના દેશના ધર્મકુળને કે આપણા મંદિરના પૂ. મહંતશ્રીને પૂછવું કે ત્યાં જવાય કે ન જવાય ? અને એ આપણા જ હિતમા છે.

**ભારતદેશના ૭૩ માં પ્રજાસતાક દિનની પર્વના ઉપલક્ષમાં ઉજવણી નિમિત્તે (સ્થળ : પર્વ મહામહોત્સવનું ગ્રાઉન્ડ તા. ૨૬-૧-૨૦૨૨)**

**પ.પૂ. મહારાજશ્રી** : ઈ.સ. ૧૯૫૦ માં આપણા દેશનું બંધારણ ઘડાયુ ત્યારથી આપણે પ્રજાસત્તાક દિનની ઉજવણી કરીએ છીએ. દેશનું બંધારણ એ આપણા જીવનની રહેણી કરણી સુધારવા માટે હોય છે. જેમ દેશનું બંધારણ છે તેમ આપણા સંપ્રદાયનું પણ બંધારણ છે અને એ છે **દેશ વિભાગનો લેખ.** જેમાં મહારાજે સંપ્રદાયના હિત માટે સૌ પ્રથમ વાર લેખિત આજ્ઞાઓનો સમાવેશ કર્યો છે. આ લેખ હજુ સુધી કોઈએ ન વાંચ્યો હોય તો અહીંથી નિયમ લઈને જજો અને અવશ્ય વાંચજો. ન હોય તો કહેજો અમે પહોંચતો કરાવી દઈશું. અને **વાંચો પછી જ ચાંદલો કર્યો સફળ થશે. છીછરા પાણીમાં છબછબિયા કરવા અને ટોળામાં રહેવાની મઝા હોય છે અને એ સહેલું પણ છે પણ મૂળિયા સુધી જવું બહુ અઘરું હોય છે.**

અ.નિ. પંડિત જશરાજજીના પરમ શિષ્ય શ્રી નિરવભાઈ ખૂબ સુંદર સારું અને અતિ શ્રેષ્ઠ ગાય છે તેની આ કલાનો અમે પર્વના ટાઈટલ સોંગમાં ઉપયોગ કર્યો છે. પૂ. બાપજીના રજત-સુવર્ણ જયંતી મહોત્સવમાં વધેલી રકમથી જેમ છપૈયાનું મુખ્ય મંદિર નિર્માણ થયું તેવી જ રીતે આ પર્વ મહોત્સવમાં, હું માંગતો નથી પરંતુ તમે આપશો અને તેમાંથી જે રકમ વધશે તેમાંથી છપૈયાનો સંપૂર્ણ જીર્ણોદ્ધાર કરવાનો છે. જેનો અંદાજિત ખર્ચ ૧૫૨ કરોડ જેવો થશે. ભગવાન જેવા ભગવાન બેઠા છે, કંઈ અટક્યું નથી. તમે સૌ પ્રતિનિધિ સ્વરૂપે આજે આવ્યા છો એટલે આ બાબતની જાણ કરી. આપણા ભાગમાં નરનારાયણદેવ અને મહારાજની જન્મભૂમિ આવી છે. તેનાથી અધિક કંઈ જોઈતું નથી.

**પ.પૂ. લાલજી મહારાજશ્રી : આજના આ પ્રજાસત્તાક દિન નિમિત્તે પર્વના ઉપલક્ષમાં દેશ ભક્તિને લગતો સૌ પ્રથમવાર આટલો મોટો કાર્યક્રમ આપણા સંપ્રદાય દ્વારા થયો છે.** જેનો હેતુ એ જ છે કે આપણે સત્સંગની સાથે સાથે દેશના પણ જાગૃત અને સારા આદર્શ નાગરિક થઈએ. કારણ કે **આ આ ભરતખંડના રાજા શ્રી નરનારાયણદેવ છે અને આપણે તેના આશ્રિત છીએ.** આપણે દરેક ઉત્સવ સમૈયામાં રાષ્ટ્ર ભક્તિને લગતા કાર્યક્રમો કરતા જ હોઈએ છીએ જેના ભાગરૂપે આપણે આર્મીના જવાનો, દેશની બોર્ડર પરના જવાનો, CRPF, RAF, રાષ્ટ્ર માટે પોતાના પ્રાણની આહુતિ આપનાર શહીદો, કોરોના કાળમાં પોલીસ દળના જવાનો માટે રહેવા-જમવા તથા આઈસોલેશન માટેની વ્યવસ્થા એમ દરેક પ્રકારે આપણે મદદ કરી રાષ્ટ્ર ભાવના ઉજાગર કરતા હોઈએ છીએ.

**પ.પૂ. મોટા મહારાજશ્રી** : આ ભૂમિ પર જ્યારે પગ મૂકીએ છીએ ત્યારે તેના વાઈબ્રેશન્સ શાંતિ અને એક દિવ્ય આનંદની અનુભૂતિ કરાવે છે. આપણે કહીએ છીએ કે આ જગ્યાની પસંદગી આપણે કરી પરંતુ **હકીકતમાં આવી ભૂમિની પસંદગી મહારાજ પોતે કરતા હોય છે. મહારાજનું ધ્યેય હોય છે કે કોટી કોટી મનવારું ભરીને લોકોનું કલ્યાણ કરવું છે એટલે આ ગ્રાઉન્ડના બહારના માર્ગેથી પણ જો કોઈ આ ઉત્સવનું દર્શન કરશે તો તેનું પણ કલ્યાણ થવાનું છે. મહોત્સવની જવાબદારી મહારાજે નરનારાયણદેવને સોંપી છે. એટલે તો મહારાજે વચનામૃતમાં કહ્યું કે ઉત્સવ તુલસીના પાંદડે થાય કે લાખો રૂપિયાના ખર્ચે થાય એ નરનારાયણદેવની ઈચ્છા મુજબ થશે.** નિરજભાઈએ હૃદયથી ખૂબ ભાવ સાથે પર્વનું શીર્ષક ગીત ગાયું છે, તેઓને ખૂબ ધન્યવાદ. ઉત્સવ ખૂબ ભવ્યતાથી ઉજવાય એવી મહારાજના ચરણોમાં પ્રાર્થના.

## અમદાવાદ શહેર નજીક શ્રી સ્વામિનારાયણ ભગવાનના પ્રસાદીના ગામો

# કડી

- સંકલન : પ્રફુલ ખરસાણી





● અમદાવાદ કાલુપુર મંદિરથી બાય રોડ ૧ કલાક અને ૨૩ મિનિટ

● અમદાવાદ એરપોર્ટ થી ૧ કલાક અને ૪ મિનિટ

ઉત્તર ગુજરાતમાં એટલે કે દંઢાવ્ય દેશમાં આવેલ ઐતિહાસિક મહાન કડી શહેરમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ પોતાના સંતો, પાર્ષદો તેમજ સ્વઆશ્રિતજનોની સાથે વારંવાર પધારેલા છે. અને કડી નગરમાં નિવાસ કરતા ભક્તજનોના મનોરથ પૂર્ણ કરી દરેકને મોક્ષ ભાગી બનાવ્યા છે. સાથે સાથે પોતાના ચરણાંકિત વડે ત્યાંની ભૂમિને અત્યંત પુનિત કરેલ છે. કડી શહેર મહેસાણા જીલ્લાનો એક તાલુકો ગણાય છે. અમદાવાદથી રેલ્વે દ્વારા તેમજ એસ.ટી. બસ દ્વારા કડી જવાય છે. હાલમાં કડી ગામ વિકાસ પામી રહ્યું છે તેમજ કુંડાળ ગામની સાથે સમાનતા કરી રહ્યું છે.

**શ્રીહરિએ કડીના તળાવમાં પાણી અખૂટ રહેવાનું આપેલ વરદાન :-**

એક સમયે ભક્તવત્સલ ભગવાન શ્રીહરિ સંતો-પાર્ષદો તેમજ કાઠી અસ્વારો સહિત દંઢાવ્ય દેશમાં વિચરણ કરતા કુંડાળ ગામે પધાર્યા અને તે કુંડાળ ગામના કલા ભક્ત આદિ ભક્તજનોના મનોરથ પૂર્ણ કરી કડી નગરના વિશાળ સરોવરે પધાર્યા. પછી તે સરોવરની પાળ ઉપર સુંદર જગ્યાએ શ્રીહરિ સંતો, પાર્ષદો તેમજ હરિભક્તોએ સહિત બિરાજમાન થયા. ભગવાન શ્રીહરિ પાળ ઉપર બેસી કડી નગરના ભાવસાર ભક્તોને કપડાં ધોવાની પીડા જોઈ, પૂછવા લાગ્યા કે, હે ભક્તજનો ! આ તળાવમાં પાણી કેમ રહેતું નથી ? તેનું કારણ મને જણાવો. આ પ્રકારની શ્રીહરિની વાણી સાંભળી કડી નગરના ભક્તજનો શ્રીહરિને તળાવમાં પાણી નહીં રહેવાનું વૃતાંત કહેવા લાગ્યા કે, હે દયાળુ પ્રભો ! પૂર્વે આ કડીનગરમાં કોઈ ચારણ જાતિની પતિવ્રતા સ્ત્રી હતી. તે સ્ત્રી વ્રત-ઉત્સવ કરવામાં ખૂબ ભાવનાવાળી અને પોતાના ધર્મમાં પૂર્ણ નિષ્ઠાવાળી તેમજ અભક્ષ્ય વસ્તુઓ નહિ ખાનારી



તેવી પવિત્ર એ સ્ત્રી હતી. એ સમયે સરોવર ખોદાવનાર કોઈક પુરૂષ તે ખોદકામમાં મજૂર તરીકે પ્રેરેલો કોઈક કામી પુરૂષ તે યુવતી ચારણ સ્ત્રીનું સુંદર, સુશોભીત કામદેવની સ્ત્રી રતી જેવું રૂપ જોઈ તેની બાજુમાં આવી કહેવા લાગ્યો કે, હે રૂપવંતી સ્ત્રી ! અનેક પક્ષીઓથી શબ્દાયમાન અને નિર્મળ જળવાળા તેમજ આ રમણીય વાતાવરણમાં આ સરોવરમાં મારી સાથે તું રમણ કર અને હે અબળા ! આ વિશાળ સરોવર પણ તારા જેવી સ્ત્રીઓ સાથે રમણ કરવા માટે જ ખોદાવેલું છે. પણ પુણ્ય માટે ખોદાવેલું નથી. ત્યાર બાદ કામી એવા તે પુરૂષનું દુષ્ટ વચન સાંભળી પતિવ્રતા સતી એવી તે ચારણ સ્ત્રી ક્રોધાયમાન થઈ તે દુષ્ટ પુરૂષને કહેવા લાગી કે, હે દુષ્ટ પુરૂષ ! આવું ખરાબ વચન તું મને જે હેતુથી કહે છે તેથી હે મૂર્ખ ! ખોદાવેલા આ સરોવરમાં થોડું પણ પાણી આજથી આરંભી ને કદી ન રહો. અને તું પણ તારી આવી દુષ્ટ મતિના કારણે નિશ્ચય નરકમાં પડીશ. હે મૂર્ખ ! આ મેં કહેલું શાપ રૂપ વાક્ય સત્ય જ છે ક્યારેય પણ ખોટું નહિ પડે. આ પ્રકારે નિર્દોષ એવી તે પતિવ્રતા સતી સ્ત્રી મૂર્ખ એવા તે પુરૂષને શાપ આપી ત્યાંથી પોતાના ઘેર ચાલી ગઈ. માટે હે પ્રભો ! તે દિવસથી આરંભીને આ વિશાળ તળાવમાં જરા પણ પાણી રહેતું નથી. આ સાંભળી શ્રીહરિ તે ભક્તજનાને કહેવા લાગ્યા કે, હે વ્હાલા ભક્તો ! મારા વચનથી આ સરોવરમાં હવે આજથી આરંભીને જરૂર પાણી રહેશે. અને તમારે વસ્ત્રો રંગવાનું તેમજ ધોવાનું દુઃખ પણ નાશ પામી જશે. આમા જરાયે પણ સંશય તમારે કરવો નહિ.

પરમકૃપાળુ પરમાત્મા ભગવાન શ્રીહરિએ જે દિવસે આ વાક્ય તે ભક્તોને કહ્યું તે જ દિવસે વરસાદ વિના પણ શ્રીહરિની ઈચ્છાથી જ અકસ્માત જળથી સ્વયં ભરાઈને તે કડી ગામથી ઉત્તર દિશા તરફ રહેલું તે વિશાળ સરોવર સ્વચ્છ જળવાળું થઈ ગયું. આવું શ્રીહરિનું અદ્‌ભુત ઐશ્વર્ય જોઈ સર્વ ભક્તજનો ખૂબ જ આશ્ચર્ય પામી ગયા. ત્યાર બાદ ભગવાન શ્રીહરિએ સંતો, પાર્ષદો સહિત ત્યાંથી ચુંવાળ દેશ તરફ પ્રયાણ કર્યું.

આ પ્રમાણે અક્ષરાધિપતિ પૂર્ણ પુરૂષોત્તમ ભગવાન શ્રી સ્વામિનારાયણ ચરણાંકિત વડે પવિત્ર થયેલ તે સરોવરના કિનારે ભગવાન શ્રીહરિ જ્યાં વિરાજમાન થયેલા તે જગ્યાએ છત્રી કરી ચરણારંવિંદ પધરાવેલા છે.

શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ

## શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમનાં દ્વારેથી....

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં નોંધાયેલ મહાપૂજાની યાદી - જાન્યુઆરી-૨૦૨૨

| | |
|---|---|
| તા. ૦૨-૦૧-૨૦૨૨ | (સવારે) પ.પૂ.સ.ગુ. શા. સ્વામી હરિકેશવદાસજીની પ્રેરણાથી પ.ભ. શારદાબેન કાંતિભાઈ પટેલ - હસ્તે ભદ્રેશભાઈ તથા શૈલેષભાઈ - નાંદોલ.<br>(બપોરે) પ.ભ. જીગરભાઈ જગદીશભાઈ પટેલ - રાજપુરવાળા |
| તા. ૦૫-૦૧-૨૦૨૨ | અ.નિ. રસિકલાલ નાગરદાસ શાહ પરિવાર - પ્રેરક. સ.ગુ. સ્વામી કૃષ્ણપ્રસાદદાસજી ટોરડા મહંતશ્રી |
| તા. ૧૧-૦૧-૨૦૨૨ | પ.ભ. લતાબેન જીતેન્દ્રભાઈ પટેલ - અસલાલી - હ. ધ્રુવ પટેલ |
| તા. ૧૪-૦૧-૨૦૨૨ | (સવારે) અ.નિ. ભીમજી માવજી ભૂડીયા સહ પરિવાર.<br>(બપોરે) પ.ભ. મનસુખ માવજી વેકરિયા સહ પરિવાર |
| તા. ૨૩-૦૧-૨૦૨૨ | પ.ભ. જયમીન નંદલાલ પંચાલ - નવા વાડજ - હાલ કેનેડા |
| તા. ૨૫-૦૧-૨૦૨૨ | પ.ભ. નારણભાઈ હરગોવિંદદાસ પટેલ - કલોલવાળા - હ. ચિ. હર્ષદભાઈને ત્યાં પુત્ર તરંગના જન્મ નિમિત્તે હાલ ઓસ્ટ્રેલીયા |
| તા. ૨૬-૦૧-૨૦૨૨ | કુમારી નિધિ રજનીકાંત રમણલાલ ભાવસાર - નવા વાડજ હાલ કેનેડા |
| તા. ૩૦-૦૧-૨૦૨૨ | પ.ભ. જગદીશભાઈ કેશવલાલ પટેલ - રાણીપ. |

### શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમ ભેટની યાદી - જાન્યુઆરી-૨૦૨૨

| | |
|---|---|
| રૂા. ૭૫,૦૦૦/- | પ.ભ. દેવરામ વેલજી રાબડીયા તથા પુષ્પા દેવરામ રાબડીયા - હ. દિક્ષિત, શીતલ તથા શારદ |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. રામજી વાલજી જેસાણી બળદીયા-કચ્છ - ધર્મપત્નિ માનબાઈ. |
| રૂા. ૫૧,૦૦૦/- | પ.ભ. ડાહ્યાભાઈ નારાયણદાસ પટેલ, ધર્મપત્નિ વિમળાબેન ડાહ્યાભાઈ પટેલ - અમદાવાદ |

**શુભ પ્રસંગે ભેટ આપવા માટે અથવા પોતાના અંગત સંગ્રહ માટે શ્રી નરનારાયણદેવની પ્રતિમાવાળા ૫/૧૦/૨૦ ગ્રામ ચાંદીના સિક્કા મ્યુઝિયમમાં મળશે.**

**સૂચના : શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં દર પૂનમે પ.પૂ. મોટા મહારાજશ્રી સવારે ૧૧-૩૦ કલાકે આરતી ઉતારશે.**

સંપ્રદાયમાં એક માત્ર વ્યવસ્થા શ્રી સ્વામિનારાયણ મ્યુઝિયમમાં મહાપૂજા / મહાભિષેક નોંધાવવા સંપર્ક કરો.

મ્યુઝિયમ મોબાઈલઃ- ૯૮૭૯૫૪૯૫૯૭, પ.ભ. પરષોત્તમભાઈ - દાસભાઈ (બાપુનગર) : ૯૯૨૫૦૪૨૬૮૬

**www.swaminarayanmuseum.org/com • email: swaminarayanmuseum@gmail.com**

# ॥ ભક્તિસુધા ॥

**(પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના આશીર્વચનમાંથી) એકાદશી સત્સંગ સભા પ્રસંગે (કાલુપુર મંદિર-હવેલી) "મનની સંકલ્પતા અને ભગવાનની સન્મુખતા રાખવાની"**

(સંકલન : કોટક વર્ષા નટવરલાલ - ઘોડાસર)

આપણે કહીએ છીએને કે કુસંગથી દૂર રહેવાનું તો બીજી વસ્તુ એ છે કે જેનાથી સાવધાન રહેવું પડે તો એ છે 'દુ:સંગ' તો દુ:સંગ એટલે શું ? તો જેનો સંગ કરવાથી પોતાનું મન નબળું પડે કમજોર બની જાય એવા સંગથી બચવાનું. તો દુ:સંગથી બચવા માટે શું કરવું પડે ? તો મનને નિયમમાં રાખવું પડે તો મનને નિયમમાં રાખવા માટે શું કરવું પડે ? બધી વસ્તુના નિયમો હોય છે ને ? તો એવી રીતે મનના પણ નિયમો હોવા જોઈએ. જેવી રીતે વાહન ચલાવતા હોય તો એના પર નિયમન રાખવા માટે બ્રેક લગાવીએ છીએ સ્પીડ ઓછી કરીએ છીએ એ રીતે મનને પણ જ્યાં જરૂર પડે ત્યાં બ્રેક મારવી પડે, નિયમમાં રાખવું પડે. તો **મન તો દેખાતુ નથી પણ મન દોડાવે છે એ પ્રમાણે ઈન્દ્રિયો દોડે છે અને ઈન્દ્રિયો દોષિત દેખાય છે. પણ એ વિચાર પહેલા મનમાં આવે છે.** દા.ત. અમુક વખતે આપણે કહીએ છીએ ને કે આ વ્યક્તિની જીભ કાતરની જેમ ચાલે છે. બહુ તીખી છે. તો તેની પાછળ ક્રિયા કરવાવાળું મન છે. તો ત્યાં શું કરવાનું ? **તો ત્યાં મનને 'સંકલ્પાતિત' કરવાનું.** અર્થાત્, પહેલાથી નક્કી કરવાનું કે હું સત્સંગી છું. હું નરનારાયણદેવનો આશ્રિત છું તો મારાથી આ કામ ન થાય. એવો 'સંકલ્પ' લેવો પડે. તીવ્રપણે નક્કી કરવું પડે મક્કમ થવુ પડે કે ક્યાં જવાય ? ક્યાં ન જવાય. આ કાર્ય કરવાનું આ નહિ કરવાનું એમ મનમાં દૃઢ રીતે નક્કી કરવાનું હોય છે. જો આપણે આવી સામાન્ય બાબતમાં નિયંત્રણ રાખી શકતા ન હોય તો ભગવાન સુધી પહોંચવાની મોટી મોટી વાતો કરતા હોય તો કેવા લાગે ! એ થોડું વિચારી લેવાનું. આપણા મનને બગાડી દેવાવાળા કમજોર કરી નાખે એવા આપણને રોજ મળે છે. જેમ કે છાપામાં, ટી.વી.માં ગામના ચોકમાં અને આપણા ઘરમાં પણ મળે છે ! તો એ સમયે આપણે આપણા મનને સંકલ્પાતિત કરીને સત્કાર્યોમાં અને સદ્‌વૃત્તિઓમાં જોડીને રાખીશું તો વાંધો નહિ આવે. દા.ત. સારા દાગીના જોવા ગયા હોય અને કોઈ તમને એવું કહે કે આ તમારા દાગીના સારા નથી તો તમે ફેંકી દો છો ? કોઈનું ઘર જોઈને તમને તમારું નવું ઘર સારુ નથી એવું લાગે તો તમે તમારું ઘર છોડી દેશો ? તમારી નોકરી સારી નથી એવું કોઈ કહે તો પણ તમે તમારી નોકરી નથી છોડતા. તો ક્યારેક તમને કોઈ એવું કહે કે મંદિરમાં તમે જાવ છો તો તમને શું મળ્યું ? તો તરત જુની વાતો યાદ આવે છે. કોઈએ કાંઈ કીધું હોય. કાંઈ અપમાન થયું હોય તે બધું યાદ કરીને તરત શંકા-કુશંકા તર્ક-વિતર્ક થવા લાગે છે. **તો આ જગતની 'લૌકિક' વસ્તુ જો કોઈના કહેવાથી તમે છોડી દેતા નથી તો 'અલૌકિક' વસ્તુ છોડવા કેમ તૈયાર થઈ જવાય છે. નાશવંત સુખ નથી છોડી શકતા તો જે સનાતન સત્ય છે. અખંડ અને અવિનાશી સુખ મળી રહ્યું છે એને કેમ છોડી દેશો એ વિચારવાની વસ્તુ છે.** તો કાળનો પ્રભાવ એવો છે કે વિશ્વાસ ડગી જાય છે. એવા સંજોગો ઉભા થાય એવો વિચાર આવી જાય ત્યારે કાળનો પ્રભાવ માનવાનો. પણ મન મક્કમ રાખવાનું તો પણ જીવને એવું થાય છે. પોતે, પોતાનો બચાવ કરે છે કે **હું મારી બુદ્ધિની પ્રેરણા લઈને કરું છું. તો બુદ્ધિને પ્રેરણા આપનારો પણ 'કાળ' છે. કાળ બહુ પ્રબળ છે.** પોતાની પૂરી તાકાત લગાવી આખા જગત પર પોતાની છાપ છોડી રહ્યો છે. પોતાની વાત મનાવવા આપણી બુદ્ધિ એવી કરે છે અને બુદ્ધિ પ્રેરણા કરે છે. એ પ્રમાણે જીવ કાર્ય કરે છે. અત્યારે કળિયુગ ચાલી રહ્યો છે. એ પોતાનું કામ કરાવી લે છે. આપણે સમયને રોકી શકવાના નથી. સમયને રોકવા માટે આપણે કોઈને એમ કહીએ કે તમારી ઘડિયાળ બંધ કરી દો તો શું 'સમય' રોકાઈ જશે ? નહિ રોકાય, તો

એવી રીતે કાળ પોતાનો પ્રભાવ છોડે છે જે આપણને પ્રમાદ આપે છે. આળસી બનાવી દે છે. ભગવાન સંબંધી પ્રમાદ આવે છે અને જગત સંબંધી લગ્નમાં જવાનું હોય તો દસ કલાક દૂર હોય તો પણ જવાય છે. લગ્નમાં હું ના જાઉં તો મારા ઘેર કોણ આવે એવું બહાનું બનાવીને પણ જાય છે અને મંદિર દસ મિનિટ દૂર હોય તો પણ આળસ થઈ જાય છે. **એમાં આપણું ડહાપણ પણ હોય છે કે કાળનો પ્રભાવ છે એવું બહાનું મળી જાય છે. માયાએ આપણને પકડ્યા નથી આપણે માયાને ભેટીએ છીએ. તો એવા સમયે શું કરવાનું ? તો કાળના પણ કાળ જે ભગવાન છે એમના સન્મુખ થવાનું તો આપણો દુઃભાવ ટળી જાય છે ત્યાં જ મનની સંકલ્પતા અને ભગવાનની સન્મુખતા રાખવાની. કોઈ ગમે તેટલું કહે પણ મનને નબળું પડવા નહિ દેવાનું. મનના કહ્યા પ્રમાણે ચાલવું કે ન ચાલવું એ આપણો સ્વતંત્ર પુરુષાર્થ છે.** કોઈ ગમે તેવી વાત કરે આશા તૃષ્ણા ગમે તેવું દેખાય તો પણ તમારા અને તમારા પરિવારના ભૂતકાળ વિષે ત્યારે વિચારવાનું. દરેકના જીવનમાં ઘણા એવા પ્રસંગો આવ્યા છે કે બસ હવે બધુ પુરુ થઈ ગયું. હવે આપણે ફસાઈ ગયા નીકળવાનો કોઈ રસ્તો જ નથી. એવા પ્રસંગો આવે કે ગમે તેટલી ધન-દોલત હોય તો પણ કામ લાગશે નહિ. કોઈને માનસિક દુઃખ કોઈને પૈસાનું દુઃખ તો કોઈને શારીરિક દુઃખો કોઈને કોઈ રીતે દરેકના જીવનમાં ખરાબ પ્રસંગો આવ્યા છે છતાંય મહારાજે આપણને એવી પરિસ્થિતિમાંથી બહાર કાઢ્યા છે ઉગાર્યા છે. **એ આપણને આગળ નહિ બચાવે ? બચાવશે જ. છેક આપણને અહીંયા સુધી લઈ આવ્યા છે કે આપણે નરનારાયણદેવના ચોકમાં બેઠા છીએ. તો વિશ્વાસ રાખવાનો. આપણે આપણી બુદ્ધિના ડહાપણથી આ ભવસાગરમાં તરી શકવાના નથી. ભગવાનની કૃપાથી તરી રહ્યા છીએ.** એ કોઈને કોઈ રીતે બચાવે છે. એ આવે જ છે. પણ આપણને ખબર નથી પડતી. જગત વિશ્વાસઘાત કરે છે. ભરોંસો તોડે છે. તો પણ આપણો ભરોંસો તૂટતો નથી. થોડીવાર માટે જગત પ્રત્યે ઉદાસીનતા આવી જાય છે. પણ ટકતી નથી. અને મહારાજ રોજ ભરોંસો આપે છે. રોજ બચાવે છે. મહારાજ પ્રત્યક્ષ આવતા નથી કેમ કે ? આપણી એટલી લાયકાત નથી. આપણી દૃષ્ટિ ત્યાં સુધી પહોંચતી નથી. ભગવાન કેવી રીતે આવે છે. એ આપણને પ્રત્યક્ષ દેખાતા નથી. એટલે મનાતુ નથી. રોજ આપણી સાથે આવે છે. એ આવે અને બચાવે તો જઆપણે નીકળી શકીએ નહિ તો કેવી રીતે નીકળી શકાય. નીકળી શકાય એવું છે જ નહિ. કોઈની બુદ્ધિમાં પ્રવેશીને સહાય કરવા માટે આવે છે. મહારાજ બીજાના માધ્યમથી મારી મદદ કરે છે. એ યાદ રાખવાનું. કોઈનેને કોઈને મહારાજ પ્રેરણા કરે છે. જ્યારે પણ કોઈ તમારી મદદ કરે ત્યારે ધન્યવાદ આપવાના અને આપણે મહારાજના ચરણોમાં એ જ પ્રાર્થના કરીએ કે ભગવાન આપણી સહાય કરે એને આપણે ઓળખી શકીએ અને સમજી શકીએ. એવી પવિત્ર બુદ્ધિ ભગવાન આપણને આપે.

## SHREE SWAMINARAYAN TEMPLE - KALUPUR

### BANK DETAILS FOR ONLINE / CHEQUE DONATION PURPOSE

**STATE BANK OF INDIA**
NAVRANGPURA BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 62303101798
IFSC : SBIN0003096
MICR CODE : 380 002 029

**INDIAN BANK**
G S HIGH WAY BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 50379847476
IFSC : IDIB000G523
MICR CODE : 380 019 038

**BANK OF INDIA**
RELIEF ROAD BRANCH, AHMEDABAD
BENEFICIARY NAME - SHREE SWAMI NARAYAN MANDIR TRUST
A/C. NO. 201310100027259
IFSC : BKID0002013
MICR CODE : 380 013 027

# સત્સંગ સમાચાર

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર ધનુર્માસ ધૂન મહોત્સવ

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના શુભ સાનિધ્યમાં તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા કાલુપુર મંદિરના પૂ. મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજીની પ્રેરણા માર્ગદર્શનથી દર વર્ષની જેમ આ વરસે પણ ૧૬ ડિસેમ્બરથી ૧૪ જાન્યુઆરી પર્યન્ત શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના પ્રસાદીના અલૌકિક સભા મંડપમાં પ્રાતઃ ૬-૦૦ થી ૭-૦૦ સુધી શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન સંત-હરિભક્તોના વિશાળ સમૂહ સાથે કડકડતી ઠંડીમાં કરી હતી. કોરોના કાળમાં સરકારની ગાઈડ લાઈન પ્રમાણે સૌએ માસ્ક પહેરી ધૂન કરી હતી. ૩૫૦૦ ઉપરાંત હરિભક્તો દ્વારા માસિક ધૂન અને ૫૦૦૦ ઉપરાંત દૈનિક ધૂનના યજમાન થયા હતા. માસિક ધૂનના યજમાનોને વચનામૃતની કથાની પેઈન ડ્રાઈવ સ્પીકર સાથે ભેટ આપવામાં આવી હતી. આખો માસ પર્યન્ત યુવાન અને વડીલ હરિભક્તોએ ધૂનમાં પ્રસાદ પેક કરવાથી લઈ વિતરણ કરવાની પ્રેરણાત્મક સેવા કરી હતી તે સૌને મહંત સ્વામી દ્વારા સુંદર પુરસ્કાર ભેટ આપવામાં આવી હતી. ધૂન ગવડાવવામાં આપણા ગાયક વૃંદના પ.ભ. પૂરવ પટેલ અને શ્રી ઓમ સોની આદિએ આખો માસ વહેલા આવીને અલૌકિક રાગમાં ધૂન ગવરાવી હતી. (કોઠારી સ્વામી)

### શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર દ્વારા ભારત દેશનો ૭૩ મો પ્રજાસત્તાકદિન ભવ્યતા અને દિવ્યતાથી ઉજવાયો

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણા તેમજ પૂ. મહંત સ્વામીના માર્ગદર્શનથી પર્વ ઉત્સવ સમિતિ તેમજ રાધે રાધે ગ્રુપ ગાંધીનગરના આયોજન અને સહયોગથી પર્વના ઉપલક્ષમાં આપણા દેશના ૭૩ માં પ્રજાસત્તાકદિન નિમિત્તે તા. ૨૬-૧-૨૨ ના રોજ ૧૫૫૧ ફૂટ લાંબા તથા ૧૦ ફુટ પહોળા રાષ્ટ્રધ્વજ સાથે પર્વ મહોત્સવના સમગ્ર પરિસરમાં એક અદ્‌ભુત અને અલૌકિક શોર્ય મહાયાત્રા સંપન્ન થઈ.

આ પ્રસંગે પર્વ ગ્રાઉન્ડ પર પ.પૂ. મહારાજશ્રી સહિત ધર્મકુળ પરિવાર તથા આગેવાન સંતો-ભક્તોના હસ્તે ઠાકોરજીની આરતી થયા બાદ આ વિશિષ્ટ મહાધ્વજને જમીન પર ન અડે એ રીતે ઉપસ્થિત સર્વે જનો દ્વારા અધ્ધર આકાશમાં તોળીને પર્વ તથા તિલક ચાંદલાના ચિન્હવાળી અન્ય રંગ બેરંગી ધજાઓ તથા દરેકના હાથમાં નાના ત્રિરંગા સાથે રાષ્ટ્રભક્તિના શોર્યગીતો અને ઈષ્ટદેવની ભક્તિના ગીતો સાથે સમગ્ર ગ્રાઉન્ડ પર ફરીને રાષ્ટ્રગીત ગાઈને પૂરા સન્માન સાથે નિરોહણ કરવામાં આવ્યું હતું.

પ્રાસંગિક સભામાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા સમયે સ.ગુ. પ્રેમાનંદ સ્વામી કૃત નારાયણ...નરનારાયણ કીર્તન ને પ.પૂ. મહારાજશ્રીના સંપૂર્ણ માર્ગદર્શનથી ખ્યાતનામ ગાયક કલાકાર સુજ્ઞ શ્રી નીરજ પરીખના કંઠે સુમધુર સંગીત સાથે સ્ટુડિયોમાં ગવડાવીને તે પદને પર્વના શિર્ષક ગીત તરીકે આઈપેડના માધ્યમથી વિમોચન કરી પ.પૂ. મહારાજશ્રીના હસ્તે શ્રી નીરજભાઈનું સન્માન કરવામાં આવ્યું હતું. સંતો-ભક્તોની વિશાળ સભામાં સૌએ શ્રીહરિના ત્રણેય અપર સ્વરૂપોના મુખેથી આશીર્વચનનું દિવ્ય સુખ તેમજ બહેનોએ પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપ ગાદીવાળાશ્રી તથા શ્રીરાજાના સાનિધ્યનું દિવ્ય સુખ માણ્યું હતું. નાસ્તા સ્વરૂપે પ્રસાદની વ્યવસ્થા શ્રી જનકભાઈ ગજેરા (જાનકી કેટરર્સ)ના યજમાનપદે થઈ હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

### જેતલપુરધામે મહિલા સત્સંગ સભા એવમ્ શાકોત્સવ

પ.પૂ.અ.સૌ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રીની આજ્ઞા એવમ્ આશીર્વાદથી જેતલપુર ધામમાં તા. ૧૦-૧-૨૦૨૨ ને સોમવારનાં રોજ પ.પૂ.અ.સૌ. ગાદીવાળાશ્રીના સાનિધ્યમાં દિવ્ય શાકોત્સવ તથા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના યજમાન પદે જેતલપુર રેવતી મહિલા મંડળે સેવા બજાવી હતી. સવારે ૧૦ થી ૧૨-૩૦ સુધી સાંખ્યયોગી બહેનોએ શાકોત્સવ તથા નરનારાયણદેવનો મહિમા સમજાવી બહેનોને સાચી દિશા બતાવી હતી. અંતમાં પ.પૂ. ગાદીવાળાશ્રીએ રૂડા આશીર્વાદ આપી બહેનોને ખૂબ રાજી કર્યા હતા. જેતલપુર તથા આજુબાજુનાં ગામના બહેનો દિવ્ય સત્સંગનો લાભ લઈ શાકોત્સવનો પ્રસાદ લઈ ભાવ વિભોર બન્યા હતા. સાંખ્યયોગી બચીબા, નર્મદાબાએ સુંદર વ્યવસ્થા કરી હતી. (રેવતી મહિલા મંડળ - જેતલપુર)

### માણેકપુર ગામે સમૂહ હોમાત્મક મહાપૂજા

આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પૂ. સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુર-નારણપુરા)ની પ્રેરણા માર્ગદર્શનથી માણેકપુર (ચૌધરી) ગામે મંદિરમાં હોમાત્મક મહાપૂજાનું સુંદર આયોજન સંપન્ન થયું. જેમાં ૯૧ જેટલા

ભક્તોએ લાભ લીધો હતો. આ પ્રસંગે જેતલપુરધામથી પૂ. સ.ગુ. શા. પી.પી. સ્વામી, મહંત સ્વામીશ્રી સ.ગુ. કૃષ્ણપ્રકાશદાસજી, બ્ર. સ્વા. હરિસ્વરૂપાનંદજી તથા સ.ગુ. રામ સ્વામી આદિ સંત મંડળે પધારી પૂર્ણાહુતિની આરતી ઉતારીને સૌને રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે ૨૦૦ જેટલા જરૂરિયાત મંદોને અનાજની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. (ધર્મનંદન સ્વામી - જેતલપુર)

**વિરમગામ ખાતે શ્રીમદ્ ભાગવત પારાયણ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ૨૦૦ મા પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા સમગ્ર ધર્મકુળના રાજીપાથી વિરમગામ ખાતે તા. ૨૭-૧૨-૨૧ થી તા. ૨-૧-૨૨ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ સ.ગુ. શાસ્ત્રી સ્વામી અનુપમસ્વરૂપદાસજી (નારણપુરા મંદિર)ના વક્તાપદે અને સ.ગુ. સ્વામી જગતપ્રકાશદાસજીના સંહિતા પાઠના વક્તાપદે અ.નિ. કમળાબેન જયંતીલાલ કાંતિલાલના મોક્ષાર્થે અત્રેના સાંખ્યયોગી બહેનોની પ્રેરણાથી અને ગામના સર્વે હરિભક્તોના સાથ સહકારથી સંપન્ન થઈ હતી. આ પ્રસંગે ધામોધામથી સંતો અને સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા.

સમગ્ર પ્રસંગની વ્યવસ્થામાં પ.ભ. બાબુભાઈ ત્રિકમભાઈ ઠક્કરની સેવા ખૂબજ પ્રેરણારૂપ અને અજોડ હતી.

(શા. ધર્મનંદન સ્વામી - જેતલપુરધામ)

**બાલાસિનોર શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી જેતલપુરધામ અને નારણપુરા મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી ના સુંદર પ્રેરણા માર્ગદર્શનથી બાલાસિનોર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં તા. ૫-૧-૨૦૨૨ ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન થયું. આ પ્રસંગે જેતલપુરધામથી શા. ધર્મનંદન સ્વામી, જગતપ્રકાશદાસજી સ્વામી અને નારાયણપુરા મંદિરથી શા. અનુપમ સ્વામી અને અનંતસ્વરૂપ સ્વામીએ પધારીને હરિભક્તોને કથાવાર્તાનો લાભ આપ્યો હતો. અત્રેના શ્રી નરનારાયણદેવ યુવક મંડળ-મહિલા મંડળે પ્રેરણાત્મક સેવા કરી હતી. ગામના સર્વે હરિભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો. (શા. ધર્મનંદન સ્વામી - જેતલપુરધામ)

**કોઠંબા ગામે શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી જેતલપુરધામ અને નારણપુરા મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી ના સુંદર માર્ગદર્શનથી કોઠંબા ગામના શ્રી સ્વામિનારાયણમંદિરમાં તા. ૫-૧-૨૨ ના રોજ સર્વે હરિભક્તોએ સાથે મળી ભવ્ય શાકોત્સવ ઉજવ્યો હતો.

(શા. ધર્મનંદન સ્વામી - જેતલપુરધામ)

**વિજાપુર ગામે શ્રીમદ્ ભાગવત પારાયણ**

સર્વોપરી શ્રી નરનારાયણદેવના ૨૦૦ મા પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી જેતલપુરધામ અને નારણપુરા મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી તથા સ.ગુ. શા. સ્વામી પ્રભુ સ્વામીના સુંદર માર્ગદર્શન-પ્રેરણાથી વિજાપુર ગામે તા. ૬-૧-૨૨ થી ૧૨-૧-૨૨ પર્યન્ત શ્રીમદ્ ભાગવત સપ્તાહનું કથામૃત પાન શા. સ્વા. અનુપમસ્વરૂપદાસજી (નારણપુરા)એ સંગીતમય મધુર શૈલીમાં કરાવ્યું હતું. આ પ્રસંગે ધામોધામથી સંતો અને સાંખ્યયોગી બહેનો પધાર્યા હતા. બાળકો દ્વારા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ થયો હતો. સમગ્ર પ્રસંગમાં યુવક મંડળ અને મહિલા મંડળે સુંદર સેવા કરી હતી.

(શા. ધર્મનંદન સ્વામી - જેતલપુરધામ)

**શેર ગામે શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી જેતલપુરધામ અને નારણપુરા મંદિરના મહંત સ્વામી સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના સુંદર માર્ગદર્શનથી વિરમગામ, કાલીયાણા, ટ્રેન્ટ, સીતાપુર દેશના સમસ્ત ગામો દ્વારા શેર ગામે સમૂહ શાકોત્સવ તા. ૯-૧-૨૨ ના રોજ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે ભવ્યતાથી ઉજવાયો. સમસ્ત સભાને પ.પૂ. લાલજી મહારાજશ્રીએ રૂડા આશીર્વાદ પાઠવીને અત્રે ૨૦૦ મીટરના ખેતરમાં ઘઉંથી લખાયેલ ''પર્વ''ના લોગોનું ''લોકાર્પણ'' કર્યું હતું. તેઓશ્રી આ લોગો નિહાળીને ખૂબજ પ્રસન્ન થયા હતા. શાકોત્સવમાં હજારો હરિભક્તોએ લાભ લીધો હતો.

(શા. ધર્મનંદન સ્વામી - જેતલપુરધામ)

**પાટણ શહેરમાં શાકોત્સવ**

ભગવાન શ્રી સ્વામિનારાયણે સ્વહસ્તે બાથમાં લઈ પધરાવેલ શ્રી નરનારાયણદેવના ૨૦૦ વર્ષ પૂર્ણ થતા ''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ ભાવિ

આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તેમજ સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રમાણે પાટણ શહેરમાં તા. ૧૬-૧-૨૦૨૨ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવેલ. જેમાં જેતલપુરધામથી સંતોએ પધારી સત્સંગ-કથાનો લાભ આપ્યો હતો. ઘણા હરિભક્તોએ શાકોત્સવનો લાભ લીધો હતો.

(શાસ્ત્રી સ્વામી ધર્મનંદનદાસજી - જેતલપુરધામ)

**મનીપુર ગામે શાકોત્સવ**

ભરતખંડના અધિષ્ઠાતા શ્રી નરનારાયણદેવની અસીમ કૃપાથી ''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા જેતલપુરધામ-નારાયણપુરા મંદિરના મહંત સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી તેમજ સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજીના માર્ગદર્શન પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર મનીપુરના આંગણે તા. ૨-૧-૨૦૨૨ ના ભવ્ય શાકોત્સવનું આયોજન કરવામાં આવેલું. આ શાકોત્સવ પ્રસંગે જેતલપુરધામથી સ.ગુ. શા. સ્વામી આત્મપ્રકાશદાસજી, સ.ગુ. બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજી, વયોવૃધ્ધ પૂ. સ્વામી શ્યામચરણદાસજી, બ્રહ્મચારી હરિસ્વરૂપાનંદજી (કાલુપુર ટ્રસ્ટીશ્રી), શાસ્ત્રી સ્વામી ધર્મનંદનદાસજી, બોપલ મંદિરથી સ્વામી ધ્યાનપ્રિયદાસજી આદિક સંતોએ પધારી આશીર્વાદ-સત્સંગનો લાભ આપ્યો હતો. શાકોત્સવના યજમાનપદે પ.ભ. હર્ષદકુમાર અમૃતલાલ ઠક્કરે અલભ્ય લાભ લીધો હતો.

(શાસ્ત્રી સ્વામી ધર્મનંદનદાસજી - જેતલપુરધામ)

**મહેસાણામાં શાકોત્સવ તથા સભા**

ભરતખંડના રાજા શ્રી નરનારાયણદેવ તથા શ્રી ઘનશ્યામ મહારાજની અસીમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. ૧૦૮ ભાવિ આચાર્યશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી, પ.પૂ. મોટા મહારાજશ્રી એવમ્ સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી 'પર્વ' મહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર મહેસાણા ખાતે તા. ૨-૧-૨૦૨૨ ના રોજ ભવ્ય શાકોત્સવનું આયોજન કર્યુ હતું. આ પ્રસંગે જેતલપુરથી સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, સ.ગુ. સ્વામી નારાયણપ્રસાદદાસજી (મહેસાણા મહંતશ્રી), સ્વામી ચંદ્રપ્રકાશદાસજી, કો. સ્વામી પૂર્ણસ્વરૂપદાસજી, સ્વામી પ્રેમસ્વરૂપદાસજી, સ્વામી અખંડસ્વરૂપદાસજી, સ્વામી જનમંગલદાસજી આદિક સંતોએ સત્સંગ કથાનો લાભ આપ્યો હતો. શાકોત્સવના યજમાનપદે અ.નિ. શિવાભાઈ રેવીદાસ પટેલ, વિમલ પંપવાળાએ લાભ લીધો હતો.

''પર્વ'' મહોત્સવના ઉપલક્ષમાં તા. ૧૬-૧-૨૦૨૨ ના રોજ પ.ભ. ડૉ. નરેન્દ્રભાઈ ભાવસારના વૃંદાવન ફાર્મમાં સત્સંગ સભાનું ભવ્ય આયોજન થયું હતું. જેમાં જેતલપુરધામથી સ.ગુ. શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી, સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી જગતપ્રકાશદાસજી આદિક સંતો પધાર્યા હતા. શ્રી ઘનશ્યામ મંડળ દ્વારા કીર્તન-ધૂન તથા સંતોએ સત્સંગનો લાભ આપ્યો હતો.

(શાસ્ત્રી સ્વામી ધર્મનંદનદાસજી - જેતલપુરધામ)

**લુણાવાડા ગામે શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી મહંત સ્વામી પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી આત્મપ્રકાશદાસજી તથા પૂ. સ.ગુ. શાસ્ત્રી સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (જેતલપુરધામ)ના સુંદર માર્ગદર્શનથી લુણાવાડા ગામે તા. ૯-૧-૨૨ ના ભવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે જેતલપુરથી શા. સ્વામી ધર્મનંદનદાસજી, સ્વામી જગતપ્રકાશદાસજી તથા અત્રે મંદિરમાં રહેતા સ્વા. હરિકૃષ્ણદાસજીએ કથાવાર્તા કરી સુંદર લાભ આપ્યો હતો. અત્રેના ધારાસભ્ય પણ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં. હરિભક્તોએ ''પર્વ'' ઉત્સવમાં પોતાની સેવા લખાવી હતી.

(દિનેશભાઈ કા. પટેલ ટ્રસ્ટીશ્રી કાલુપુર)

**પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી અને પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા સ.ગુ. ભંડારી સ્વામી જાનકીવલ્લભદાસજી (પોરડા)ની શુભ પ્રેરણાથી અને સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (નાથદ્વારા-બાપુનગર) અને સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી વાસુદેવચરણદાસજીના સુંદર માર્ગદર્શનથી નીચેના ગામોમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૨૦૦ કલાકની અખંડ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું.**

**ભાટેરા શ્રી સ્વામિનારાયણ મંદિર**

આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં ભાટેરા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં સર્વે ભાઈઓ-બહેનો હરિભક્તોએ સમૂહમાં ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. (કોઠારીશ્રી ભાટેરા)

**પોરડા શ્રી સ્વામિનારાયણ મંદિર**

પોરડા શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પૂ. સ્વામીશ્રી જાનકીવલ્લભદાસજી, પૂ. ધર્મસ્વરુપ સ્વામી આદિ સંત-મંડળ અને પોરડા ગામના સર્વે ભાઈઓ-બહેનોએ મળીને ૨૨૧

કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. (કોઠારીશ્રી પોરડા)

**કપડવંજ શ્રી સ્વામિનારાયણ મંદિર**

અત્રે કપડવંજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પોરડાના સંત-મંડળની પ્રેરણાથી ગામના સર્વે હરિભક્તોએ સાથે મળી આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. (કોઠારીશ્રી કપડવંજ)

**આંત્રોલી શ્રી સ્વામિનારાયણ મંદિર**

આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં અત્રે આંત્રોલી શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ૨૦૦ કલાકની શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરવામાં આવી હતી. જેમાં ગામના તમામ હરિભક્તોએ ધૂનમાં લાભ લીધો હતો.

(કોઠારીશ્રી - આંત્રોલી)

**કઠલાલ શ્રી સ્વામિનારાયણ મંદિર**

આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર કઠલાલ ખાતે ગામના સર્વે હરિભક્તોએ સાથે મળી સમૂહમાં શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૨૦૦ કલાકની ધૂન કરી હતી.

(કોઠારીશ્રી કઠલાલ)

**તીર્થભૂમિ શ્રી સ્વામિનારાયણ મંદિર નારાયણઘાટને આંગણે ૫૫૧ કલાકની ધૂન તથા ૨ કરોડ શ્રી સ્વામિનારાયણ મહામંત્ર આહુતિ યજ્ઞ**

શ્રી નરનારાયણદેવની પરમકૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા એવમ્ સમગ્ર ધર્મકુળ પરિવારના શુભાશીર્વાદથી અને સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી દિવ્યપ્રકાશદાસજીની પ્રેરણા, સ.ગુ. મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ના માર્ગદર્શનથી શ્રી વિપુલભાઈ મનસુખભાઈ ઠક્કરના સંચાલનથી તથા યુવક મંડળ સહ સત્સંગ સમાજના આયોજનથી આગામી પર્વના ઉપલક્ષમાં તા. ૧૬-૧૨-૨૧ થી ૧૬-૧-૨૨ સવારથી સાંજ સુધી યજ્ઞ તથા રાત્રી સુધી ધૂન અનુક્રમે પ.ભ.શ્રી અરવિંદભાઈ રવજીભાઈ દોંગા પરિવાર હ. શાલીન તથા અ.નિ. કમળાબેન ગજાનનભાઈ જાદવ પરિવારના યજમાનપદે સંપન્ન થયા.

શ્રી નરનારાયણ ભગવાનની પ્રાગટ્ય ભૂમિ શ્રી નારાયણઘાટને આંગણે ધૂનનો પ્રારંભ અખંડ દિપ પ્રાગટ્ય તથા આરતીથી થયો હતો. ધૂનના હોલમાં બોરડીના વૃક્ષ નીચે બદ્રિપતિ શ્રી નરનારાયણ ભગવાનને બિરાજમાન કરાવી બદ્રિકાશ્રમના દિવ્ય વાતાવારણમાં સંતોના સાનિધ્યમાં અમદાવાદ તથા ગામોગામના ૨૩૦ ધૂન મંડળ, ૧૧૭૦૦ ભક્તજનો, ૮૦ થી અધિક સંખ્યામાં સાંખ્યયોગી બહેનો તથા મોટી સંખ્યામાં કર્મયોગી બહેનોએ પધારીને સમગ્ર પ્રસંગનો દિવ્ય લાભ લીધો હતો. અ.સૌ.પ.પૂ. લક્ષ્મીસ્વરૂપા ગાદીવાળાશ્રી તથા પૂ. મોટા ગાદીવાળાશ્રીએ પધારીને પ્રસંગને પૂર્ણતા આપી શોભાવ્યો હતો. સંતો-ભક્તોના ધૂન સાથેના રાસોત્સવથી ઉમંગ-ઉલ્લાસનું દિવ્ય વાતાવરણ સર્જાયું હતું.

આહુતિ યજ્ઞમાં ૪૨ જેટલા વિદ્વાન ભૂદેવોએ યજમાન પરિવાર સાથે રહી મહામંત્રની આહુતિ આપી હતી. સમગ્ર પ્રસંગ દરમિયાન યજમાન પરિવાર તરફથી સૌના માટે રસોડાની વ્યવસ્થા કરવામાં આવી હતી. પૂર્ણાહુતિ સંત મંડળ દ્વારા કરવામાં આવી હતી. (ગોરધનભાઈ વી. સીતાપરા)

**અમદાવાદ શહેર પૂર્વ વિસ્તારના મંદિરોના સંયુક્ત ઉપક્રમે શાકોત્સવ ઉજવાયો**

પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીની આજ્ઞા-આશીર્વાદથી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની પ્રેરણાથી સ.ગુ. મહંત સ્વામી ધર્મસ્વરૂપદાસજી (બાપુનગર) તથા મહંત શા. સ્વામી પુરુષોત્તમપ્રકાશદાસજી (ગાંધીનગર)ના માર્ગદર્શનથી તથા મહંત શા. સ્વામી વાસુદેવચરણદાસજી (બાપુનગર) અને સત્સંગ સમાજના આયોજનથી શ્રી સ્વામિનારાયણ મંદિર એપ્રોચ બાપુનગર, હર્ષદ કોલોની, કર્મ શક્તિ પાર્ક, નરોડા આદિશ્વર નગર, નિકોલ ગામ, વિરાટનગર તથા હીરાવાડી અને નિકોલ-નરોડા સત્સંગ મંડળના સંયુક્ત ઉપક્રમે પ.ભ. શ્રી ઘનશ્યામભાઈ જી. પટેલ (વિહારવાળા)ના મુખ્ય યજમાનપદે તથા અન્ય યશસ્વી હરિભક્તોના સહ યજમાનપદે તા. ૨-૧-૨૨ ને રવિવારના રોજ પર્વ મહોત્સવના ઉપલક્ષમાં શુકન ચાર રસ્તા પાસેના વિશાળ ગ્રાઉન્ડમાં પ.પૂ. લાલજી મહારાજશ્રીના શુભ વરદ્ હસ્તે શાકનો વઘાર કરીને ભવ્ય અને દિવ્ય શાકોત્સવ ઉજવાયો.

આ પ્રસંગે પ.પૂ. લાલજી મહારાજશ્રીના સાંનિધ્યમાં અને કાલુપુર, ગાંધીનગર, નારાયણઘાટ, કોટેશ્વર, ધોળકા, કલોલ, ભુજ, ઉનાવા, નરોડા વગેરે ધામોધામથી પધારેલા મોટી સંખ્યામાં બ્રહ્મનિષ્ઠ સંતો-મહંતોની ઉપસ્થિતિમાં શ્રી જયેશભાઈ સોની દ્વારા એક કીર્તન અને મહંત પૂ. શા. સ્વામી નિર્ગુણદાસજી આદિક વિદ્વાન સંતો દ્વારા એક પ્રવચન એ પ્રમાણેના ઉપક્રમથી સૌએ બે કલાક સત્સંગનું દિવ્ય સુખ માણ્યું હતું. યજમાનશ્રીઓનું તથા રાજદ્વારી મહાનુભાવોનું પ.પૂ. લાલજી મહારાજશ્રીના હસ્તે સન્માન થયા બાદ પ.પૂ. લાલજી મહારાજશ્રીએ સૌને રૂડા શુભાશીર્વાદ પાઠવ્યા હતા. પૂર્વ વિસ્તાર ઉપરાંત શહેરના અન્ય ઘણા વિસ્તારો તેમજ બહારગામના કેટલાક હરિભક્તો મળીને ૧૧૦૦૦ જેટલા ભક્તજનોએ શાકોત્સવનો દિવ્ય લાભ લીધો હતો.

(ગોરધનભાઈ વી. સીતાપરા)

**પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં શ્રી સ્વામિનારાયણ મંદિર પોર (ગાંધીનગર) ૨૦૦ કલાકની અખંડ ધૂન-પ્રભાત ફેરી**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. મહંત શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી

(કોટા) અને સ.ગુ. મહંત પી.પી. સ્વામી (ગાંધીનગર)ની પ્રેરણા માર્ગદર્શનથી પોર ગામે શ્રી સ્વામિનારાયણ મંદિરમાં પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં ગામના સર્વે હરિભક્તોએ સાથે મળી શ્રી સ્વામિનારાયણ મહામંત્રની ૨૦૦ કલાકની ધૂન અને ગામમાં પ્રભાત ફેરીનું પણ સુંદર આયોજન કર્યું હતું. તા. ૯-૧-૨૨ ના રોજ સંત-હરિભક્તોએ ઠાકોરજીની આરતી ઉતારીને ધૂનની પૂર્ણાહુતિ કરી હતી. (કોઠારી હરિભાઈ)

**પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં માણસા મંદિર દ્વારા અખંડ મહામંત્ર ધૂન સાથે યાત્રા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી શ્રી સ્વામિનારાયણ મંદિર માણસાના મહંત શાસ્ત્રી સ્વામી ધર્મકિશોરદાસજીના સુંદર માર્ગદર્શન પ્રેરણાથી આપણા પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં માણસાથી જયપુર શ્રી સ્વામિનારાયણ મંદિર, મથુરા, મંદિર અને બામરોલી મંદિર શ્રી સ્વામિનારાયણ મહામંત્રની અખંડ ધૂન સાથે લકઝરી બસ દ્વારા હરિભક્તોના સમૂહ સાથે સંત મંડળે દર્શનાર્થે યાત્રાનું સુંદર આયોજન કર્યું હતું. (કોઠારીશ્રી માણસા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર શહેરા શાકોત્સવ-કથા**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ૨૦૦ માં પાટોત્સવ ''પર્વ'' મહામહોત્સવના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય ૧૦૦૮ શ્રી કોશલેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રી વ્રજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની આજ્ઞાથી તથા જેતલપુરધામના સ.ગુ. શા.સ્વા. પુરુષોત્તમપ્રકાશદાસજી તથા સ.ગુ. મહંત બ્રહ્મચારી સ્વામી વાસુદેવાનંદજીની પ્રેરણાથી શાકોત્સવ એવમ્ શ્રીમદ્ ભાગવત કથા તા. ૩૦-૧૨-૨૧ થી તા. ૨-૧-૨૨ સુધી સ્વામી હરિસ્વરૂપદાસજીના વક્તાપદે થઈ હતી. લુણાવાડાથી સાંખ્યયોગી બહેનોએ પધારીને મહામંત્ર ધૂન કરી હતી. ધનુર્માસ ધામધૂમથી ઉજવાયો. ઉત્તરાયણ નિમિત્તે ૯ કલાક ધૂન કરી હતી. (કોઠારીશ્રી રાધેશ્યામભાઈ શહેરા)

**શ્રી સ્વામિનારાયણ મંદિર ગોમતીપુર ધનુર્માસ ધૂન**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવની પરમ કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી ગોમતીપુરના સર્વે હરિભક્તોએ ધનુર્માસમાં આખો માસ વહેલી સવારે સંગીતના સૂર સાથે શ્રી સ્વામિનારાયણ મહામંત્ર ધૂન કરી હતી. (કોઠારી મુકેશભાઈ)

## મૂળી પ્રદેશના સત્સંગ સમાચાર

**પર્વ મહામહોત્સવના ઉપલક્ષમાં વાંકાનેરમાં શાકોત્સવ**

પરમકૃપાળુ શ્રી નરનારાયણદેવના ૨૦૦માં પાટોત્સવ મહામહોત્સવ પર્વના ઉપલક્ષમાં પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના રાજીપાથી તથા સ.ગુ. શા.સ્વા. સૂર્યપ્રકાશદાસજીની પ્રેરણાથી તેમજ અ.નિ.પ.ભ. પરસોતમભાઈ માવજીભાઈ પરિવાર તરફથી શ્રીહરિ પ્રસાદીભૂત શ્રી સ્વામિનારાયણ મંદિર વાંકાનેર ખાતે તા. ૯-૧-૨૨ ના રોજ ભવ્ય શાકોત્સવ ઉજવાયો. આ પ્રસંગે મૂળીના સ.ગુ. સ્વામી શ્યામસુંદરદાસજી, જ્ઞાન સ્વામી તથા ચરાડવા, રતનપર અને લીંબડીના સંતોએ કથા-વાર્તાનો લાભ આપ્યો હતો. (જે. કે. સ્વામી - વાંકાનેર)

**શ્રી સ્વામિનારાયણ મંદિર રણજીતગઢ ૪ થો પાટોત્સવ**

મૂળીધામ નિવાસી શ્રી રાધાકૃષ્ણદેવની કૃપાથી તથા પ.પૂ.ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા પ.પૂ. લાલજી મહારાજશ્રીની આજ્ઞાથી એવમ્ સમગ્ર ધર્મકુળના આશીર્વાદથી તથા સ.ગુ. સ્વામી ભક્તિહરિદાસજીની પ્રેરણાથી રણજીતગઢ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૪ થા પાટોત્સવના ઉપલક્ષમાં તા. ૨૩-૧૨-૨૧ થી તા. ૨૭-૧૨-૨૧ પર્યન્ત શ્રીમદ્ સત્સંગિજીવન પંચાન્હ પારાયણ શા.સ્વા. ધર્મજીવનદાસજી તથા શા.સ્વા. સત્યવંદનદાસજીના વક્તાપદે થઈ હતી. ધામોધામથી સંતો અને હજારો હરિભક્તો પધાર્યા હતા. અત્રે સંત મંડળ દ્વારા પર્વ મહોત્સવના ઉપક્રમે જરૂરિયાત મંદોને ચંપલ, ધાબળા, નિઃશુલ્ક દવાનું વિતરણ કરવામાં આવ્યું હતું. (અનિલ દૂધરેજીયા)

### અક્ષરવાસ

**વડનગર :** શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુરના વયોવૃધ્ધ સંત સ.ગુ. સ્વામી શ્રીહરિપ્રસાદદાસજી ગુરુ સ.ગુ. સ્વા. ભક્તિવલ્લભદાસજી વડનગર શ્રી સ્વામિનારાયણ મંદિરમાં ઘણા સમયથી ભગવાનનું ભજન કીર્તન કરતા હતા. જેઓ તા. ૨-૧-૨૦૨૨ માગસર વદ અમાસના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કાલુપુર-અમદાવાદ :** શ્રી સ્વામિનારાયણ મંદિરના સ્વામી વિજયપ્રકાશદાસજી ગુરુ સ.ગુ. સ્વામી દેવચરણદાસજી (વે.વ્યા.આચાર્ય) શ્રીહરિનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

**કાલુપુર-અમદાવાદ :** શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર અમદાવાદના પૂર્વ કોઠારી સ.ગુ. સ્વામી જયકૃષ્ણદાસજી (જે.કે. સ્વામી) ગુરુ સ.ગુ. શાસ્ત્રી સ્વામી હરિકૃષ્ણદાસજી (કમિટી સભ્યશ્રી) પોષ સુદ-૧૧ એકાદશી તા. ૧૩-૧-૨૦૨૨ ના રોજ શ્રીજી મહારાજનું અખંડ સ્મરણ કરતા અક્ષરનિવાસી થયા છે.

## અમદાવાદ મંદિરમાં શ્રી ઠાકોરજીને થાળ તથા સંત-વર્ણી પાર્ષદોને રસોઈ આપનારની યાદી

**માગસર સુદ-૧** પ.ભ. લક્ષ્મીબેન મનુભાઈ ઠક્કર (અમદાવાદ), પ.ભ. પટેલ કનુભાઈ મથુરભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. બળદેવભાઈ ગાંડાભાઈ પટેલ (રાજપુર), પ.ભ. અશોકભાઈ એલ. દવે (અમદાવાદ), પ.ભ. મયુરભાઈ સોની (લંડન). **માગસર સુદ-૩** પ.ભ. રોહનકુમાર હસમુખભાઈ પટેલ (આણંદ), પ.ભ. રમણભાઈ નાથાભાઈ પટેલ (સિમરડા), પ.ભ. ડૉ. દિપકભાઈ જગદીશચંદ્ર લીંબાચીયા (અમદાવાદ), અ.નિ. લલીતાબેન અંબાલાલ પટેલ (છત્રાલ), અ.નિ. નારાયણભાઈ અરજણભાઈ પટેલ (અમદાવાદ). **માગસર સુદ-૪** પ.ભ. પટેલ કુલદીપ મનહરભાઈ પટેલ (આંત્રોલી), પ.ભ. કામદાર મયંક વિરેનભાઈ (પોરબંદર). **માગસર સુદ-૭** અ.નિ. ગંગારામભાઈ શંકરભાઈ પ્રજાપતિ (ખેરોલ), પ.ભ. ખીમજી હરજી ભુવા (સુખપર-કચ્છ). **માગસર સુદ-૮** પ.ભ. ધર્મેન્દ્રભાઈ નારણભાઈ માવાણી (લીંબડા-હનુમાન). **માગસર સુદ-૯** અ.નિ. શારદાબેન હંસરાજભાઈ પટેલ (રણછોડપુરા), પ.ભ. પટેલ ધર્મેન્દ્રભાઈ ઘનશ્યામભાઈ (મહાદેવનગર), પ.ભ. શારદાબેન રમેશભાઈ ઈશ્વરદાસ (ન્યુ રાણીપ), અ.નિ. હર્ષદભાઈ ભાઈલાલભાઈ પરીખ (અમદાવાદ). **માગસર સુદ-૧૦** ચિ. મૌલિક નરસિંહભાઈ નસીત (લગ્ન પ્રસંગે) (અમદાવાદ), અ.નિ. નવીનચંદ્ર વ્રજલાલ લાલાણી (જામનગર), શ્રી સ્વામિનારાયણ મંદિર સરધાર મૂર્તિ પ્રતિષ્ઠા પ્રસંગે. **માગસર સુદ-૧૧ (એકાદશી)** શ્રી નરનારાયણદેવ યુવક મંડળ. પ.ભ. શૈલેષભાઈ ભાવસાર (સરસપુર). **માગસર સુદ-૧૨** પ.ભ. હર્ષદભાઈ કેવળભાઈ પટેલ (થોરીમુબારક), પ.ભ. અપન પટેલ અ.નિ. મૃણાલીબેન નારણભાઈ પટેલની પુણ્યતિથિ નિમિત્તે (અમદાવાદ), અ.નિ. વિનોદભાઈ રણછોડભાઈ મીસ્ત્રી (અમદાવાદ), પ.ભ. ચૌધરી રણછોડભાઈ કાનજીભાઈ (બાલવા), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. ધર્મ બિન્દેશ પટેલ તથા કિયાન બિન્દેશ પટેલ (ગાંધીનગર), પ.ભ. અંબાલાલભાઈ બાભાઈદાસ પટેલ (ગવાડા), પ.ભ. પટેલ પુષ્પાબેન બાબુલાલ (પલીયડ), પ.ભ. પટેલ શોભનાબેન ભરતકુમાર (અમદાવાદ), પ.ભ. હિરાણી મનજી શિવજી (નારાયણપર-કચ્છ). **માગસર સુદ-૧૩** પ.ભ. પટેલ કેશવીબેન વિજયભાઈ (રાણીપ). **માગસર સુદ-૧૪** પ.ભ. પટેલ હિરાબેન (અમદાવાદ), પ.ભ. પિંડોરીયા દેવરાજ જાદવા (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. પટેલ જગદીશભાઈ કનુભાઈ (હાથપાળીયા), પ.ભ. અશ્વિન રતીલાલ પારેખ (અમદાવાદ), ચિ. ઋતુના લગ્ન પ્રસંગે. **માગસર સુદ-૧૫** પ.ભ. રાજેશ્વરીબેન મનોજભાઈ બ્રહ્મભટ્ટ (અમદાવાદ), પ.ભ. ઠક્કર બાબુભાઈ ત્રિકમલાલ (વિરમગામ).

**માગસર વદ-૧** પ.ભ. લાખાણી શામજી લાલજી (બળદીયા-કચ્છ), અ.નિ. સ્વામી વિજયપ્રકાશદાસજી ગુરુ અ.નિ. સ્વામી દેવચરણદાસજી(કાલુપુર મંદિર), અ.નિ. સ્વામી વિજયપ્રકાશદાસજી હ. પ.ભ. ગોવિંદભાઈ પટેલ (ઈટાદરા), અ.નિ. સ્વામી વિજયપ્રકાશદાસજી હ. પ.ભ. બિપિનભાઈ નાગરભાઈ પટેલ (કડી), પ.ભ. મેઘબાઈ વિશ્રામ પ્રેમજી ધાનાણી (સુખપર-કચ્છ). **માગસર વદ-૨** પ.ભ. માવજી રામજી હાલાઈ (માંડવી-કચ્છ), પ.ભ. હિરલબેન અમરકુમાર પટેલ (કનીજ), પ.ભ. પ્રેમીલાબેન નિતિન માવજી વેકરીયા (મીરજાપર-કચ્છ), પ.ભ. અંબાલાલ શંકરદાસ પટેલ (કલ્યાણપુરા-માણસા). **માગસર વદ-૩** અ.નિ. રમણભાઈ બેચરભાઈ પટેલ (પીજ), અ.નિ. સુધાબેન કનુભાઈ શાહ (ભાવનગર), પ.ભ. વસંતભાઈ ભાવેશભાઈ ભટ્ટ (અમદાવાદ), અ.નિ. કપિલાબેન રમણીકલાલ પરમાર (અમદાવાદ). **માગસર વદ-૪** પ.ભ. માણેકભાઈ શંકરલાલ પટેલ (મોખાસણ), અ.નિ. હિરજીભાઈ વિરજીભાઈ વરસાણી (રામપર-વેકરા-કચ્છ), પ.ભ. સંજયભાઈ વિશ્રામ (નારાયણપર-કચ્છ). **માગસર વદ-૫** પ.ભ. ગીતાબેન હરજીભાઈ (ભુજ-કચ્છ), અ.નિ. રામજી કુંવરજી વેકરીય (માંડવી-કચ્છ), અ.નિ. તેજબાઈ રામજી વેકરીયા (માંડવી-કચ્છ). **માગસર વદ-૬** અ.નિ. રમીલાબેન જયંતીભાઈ પટેલ (ગવાડા), પ.ભ. પટેલ બળદેવભાઈ ઝીણાભાઈ (ખંડેરાવપુરા), પ.ભ. અંકિત ઘનશ્યામભાઈ પટેલ (સુરેન્દ્રનગર), અ.નિ. વ્રજલાલ રૂપચંદ ગોળવાળા (અમદાવાદ), અ.નિ. જસુબાઈ પ્રેમજી ડબાસીયા (કોડકી-કચ્છ), પ.ભ. ચિંતન પટેલ (અમદાવાદ), ટ્રેન્ટ સીતાપુર વિરમગામ દેશ શ્રી નરનારાયણદેવ પદયાત્રા નિમિત્તે પૂ. સ.ગુ. મહંત શા. સ્વા. આત્મપ્રકાશદાસજી **માગસર વદ-૭** અ.નિ. સુમનભાઈ મણીભાઈ પટેલ (ઉનાવા), પ.ભ. દિલીપસિંહ કેશુજી સોલંકી દરબાર (ઓઢવ), પ.ભ. પટેલ લક્ષ્મણભાઈ શિવાભાઈ (અમદાવાદ), અ.નિ. રૂપાબેન શાંતિભાઈ સ્વામિનારાયણ (સુરત), પ.ભ. દિનેશભાઈ દોંગા (સુરત), શ્રી સ્વામિનારાયણ મંદિર વિહાર પદયાત્રા નિમિત્તે, અ.નિ. જસુભાઈ પ્રેમજી ડબાસીયા (કોડકી-કચ્છ), શ્રી સ્વામિનારાયણ મંદિર ગામડી પદયાત્રા નિમિત્તે. **માગસર વદ-૮** પ.ભ. ભરતસિંહ દોલતસિંહ વાઘેલા (અમદાવાદ), પ.ભ. દિનેશભાઈ પોપટલાલ સોની (સુરત), પ.ભ. પ્રજાપતિ અલ્પેશ અમૃતભાઈ (મહેસાણા). **માગસર વદ-૯** પ.ભ. લાલજી કાનજી હિરાણી (માંડવી-કચ્છ), અ.નિ. સિલ્કી બિન્દેશભાઈ પટેલ (ગાંધીનગર). **માગસર વદ-૧૦** અ.નિ. સ.ગુ. પુરાણી સ્વામી ગોવિંદપ્રિયદાસજી (જુનાગઢ) **માગસર વદ-૧૧** (એકાદશી) અ.નિ. કાંતિભાઈ જેણાભાઈ પટેલ (ધમાસણા), પ.ભ. વિરચંદભાઈ ભાવસાર (અમદાવાદ). **માગસર વદ-૧૨** પ.ભ. કમલેશભાઈ અનીલભાઈ પ્રજાપતિ (કલોલ), પ.ભ. મનજી શિવજી હિરાણી (કચ્છ-ભુજ). **માગસર વદ-૧૩** પ.ભ. વર્ષાબા કિરીટસિંહ વાઘેલા (ગરોડીયા), પ.ભ. ઠાકોરભાઈ દેસાઈભાઈ પટેલ (બોરેડી), પ.ભ. શોભન દિનેશભાઈ પટેલ (રાણીપ), અ.નિ. મંજુલાબેન જગદીશભાઈ પટેલ (ગાંધીનગર), પ.ભ. કુંદનબેન જયંતીભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. માન્યા જય પટેલ (અમદાવાદ), પ.ભ. પરસોતમભાઈ મણીભાઈ પટેલ (મોખાસણ), પ.ભ. પાનસુરીયા વિશ્વેશ જીતેન્દ્રભાઈ (ગાંધીનગર), પ.ભ. પટેલ આશિષ ભોગીલાલભાઈ (એટલાન્ટા), અ.નિ. સુંદરબેન હરજી વેલજી પિંડોરીયા (માધાપર-કચ્છ). **માગસર વદ-૧૪** પ.ભ. હરિલાલ વેલજી વરૂ (સુરત), અ.નિ. લક્ષ્મણ જેઠા વરસાણી (કચ્છ-ભુજ), અ.નિ. નારાયણ પ્રેમજી હાલાઈ (કચ્છ-ભુજ). **માગસર વદ-૩૦** પ.ભ. જયેશભાઈ કનુભાઈ પટેલ (નિકોલ), પ.ભ. મનસુખભાઈ નાથાભાઈ પટેલ (નિકોલ), પ.ભ. ઈશ્વરસિંહ પારખાનજી ચૌહાણ (ટાંકીયા), પ.ભ. શ્રી વાસ્તવ ગીરીશંદ્ર એસ. (અમદાવાદ), અ.નિ. અવનિકાબા કૃષ્ણસિંહ ડાભી (સોજા), પ.ભ. પટેલ હસમુખભાઈ સોમદાસ (મારૂસણા), પ.ભ. અમૃતભાઈ પ્રહલાદભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. દશરથભાઈ વિહાભાઈ પટેલ (અમદાવાદ), પ.ભ. મનજીભાઈ વિશ્રામ વરસાણી (બળદીયા-કચ્છ), અ.નિ. અરવિંદભાઈ જીવણભાઈ પટેલ (અમદાવાદ)

---

**સંપાદક, મુદ્રક અને પ્રકાશક :** મહંત શાસ્ત્રી સ્વામી નિર્ગુણદાસજી દ્વારા શ્રી સ્વામિનારાયણ મંદિર કાલુપુર, અમદાવાદ માટે શ્રી સ્વામિનારાયણ પ્રિન્ટીંગ પ્રેસ, શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ. (ગુજરાત) પીન કોડ-૩૮૦ ૦૦૧ ખાતે છાપ્યું અને શ્રી સ્વામિનારાયણ મંદિર, કાલુપુર, અમદાવાદ (ગુજરાત) પીન કોડ-૩૮૦૦૦૧ વતી પ્રકાશિત કર્યું.



પર્વ
થીમ સોંગ
રેકોર્ડિંગમાં
માર્ગદર્શન



૧૦૦ ઉપરાંત
વર્ષના વયોવૃધ્ધ
સનાતન સ્વામી સાથે
આત્મીયતા



૧૫૫૧ ફૂટના રાષ્ટ્રધ્વજને
પર્વના ગ્રાઉન્ડ
પર સન્માન



Registered under RNI is - GUJ GUJ/2007/20221 " Permitted to post at Ahd. PSO on 11 the every month under postal REG. No. GAMC. 003 / 2021 - 2023 Valid up to 31-12-2023 Issued by the SSPO's License to post without Prepayment No. PMG/NG/028/2021/2023 Valid up to 31-12-2023



શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના દેશ-વિદેશના હરિભક્તોના મારફત અને સહકાર માટે
ઓનલાઈન ડોનેશન અમદાવાદ મંદિરની ઓફિશિયલ વેબસાઈટ પર નીચે આપેલ લીંક દ્વારા કરી શકાશે.
http://www.swaminarayan.in/donation